IDFC FIRST Bank

ALWAYS YOU FIRST

# આઇડીએફસી ફર્સ્ટ બેન્ક
# ક્રેડિટ કાર્ડ્સ

સૌથી મહત્ત્વપૂર્ણ
નિયમો અને શરતો
**(એમઆઇટીસી)**

સૌથી મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો તથા અહીં આપવામાં આવેલી તમામ માહિતી તમામ ક્રેડિટ સભ્યો/ ક્રેડિટ કાર્ડ્સના અરજદારો/ કર્મચારીઓ/ બેન્કના ગ્રાહકો/ બેન્કની ક્રેડિટ કાર્ડ પ્રોડક્ટમાં રસ દાખવી રહેલા સામાન્ય જનતાના સભ્યોને તાત્કાલિક અસરથી લાગુ પડે છે. એમઆઇટીસી ફેરફારને આધીન છે. સૌથી મહત્ત્વપૂર્ણ શરતો અને નિયમો (એમઆઇટીસી) www.idfcfirstbank.com ઉપર જણાવ્યાં મુજબ આઇડીએફસી ફર્સ્ટ બેન્ક ક્રેડિટ કાર્ડ સભ્ય નિયમો અને શરતો/ સમજૂતીના અનુસંધાનમાં વાંચવાના અને સમજવાના રહેશે.

## ચાર્જિસની અનુસૂચીઃ આઇડીએફસી ફર્સ્ટ બેન્ક ક્રેડિટ કાર્ડ્સ

5મી એપ્રિલ, 2022થી અમલી

### 1. જોઇનિંગ ફી, વાર્ષિક ફી અને એડ–ઑન કાર્ડ ફીઃ

| **આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડના પ્રકારો** | **પ્રારંભિક / જોઇનિંગ ફી (₹)** | **વાર્ષિક/એન્યુઅલ ફી (₹)** | **એડ–ઑન કાર્ડ ફી (₹)** |
|---|---|---|---|
| ફર્સ્ટ મિલેનિયા ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ ક્લાસિક ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ વેલ્થ ક્રેડિટ કાર્ડ<br>એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ઇમેજ પર્સોનાલાઇઝેશન ફી* | ₹499 | શૂન્ય | ₹499 |
| ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ | ₹50,000 | ₹50,000 | 1લું એડ–ઑન – શૂન્ય<br>2જા એડ–ઑન બાદ – દરેક એડ–ઑન દીઠ ₹4,000 |

*ઇમેજ પર્સોનાલાઇઝેશન સુવિધા ફર્સ્ટ પ્રાઇવેટ ઉપર લાગુ પડતી નથી.

### 2. ફાયનાન્સ ચાર્જિસ*:

| **આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડના પ્રકારો** | **ખરીદીઓ ઉપર વ્યાજ દર, અગ્રીમ રોકડ ધીરાણ અને બાકી રહેલી ચૂકવવાપાત્ર રકમો**<br>(જો ચૂકવણી લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ અને કુલ ચૂકવવાપાત્ર મૂલ્ય રકમની વચ્ચે ચૂકવણી કરવામાં આવે તો વસૂલવામાં આવશે) | **બાકી રહેલું ચડત વ્યાજ**<br>(ચૂકવણીની અંતિમ તારીખ સુધી લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ (એમએડી)ની ચૂકવણી નહીં થવા પર વસૂલવામાં આવશે) |
|---|---|---|
| ફર્સ્ટ મિલેનિયા ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ ક્લાસિક ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ વેલ્થ ક્રેડિટ કાર્ડ<br>એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ<br>ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ | માસિક દર –<br>0.75% – 3.5%<br>વાર્ષિક દર –<br>9% – 42% | માસિક દર – 3.99%<br>વાર્ષિક દર –47.88% |
| ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ | માસિક દર – 0.75%<br>વાર્ષિક દર – 9% | માસિક દર – 3.99%<br>વાર્ષિક દર –47.88% |

### 3. અન્ય ફી અને ચાર્જિસઃ

| | |
|---|---|
| અગ્રીમ રોકડ ધીરાણ – ટ્રાન્ઝેક્શન ફી** | ₹250 |

| | |
|---|---|
| લેટ પેમેન્ટ ચાર્જિસ | ફર્સ્ટ મિલેનિયા ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ ક્લાસિક ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ વેલ્થ ક્રેડિટ કાર્ડ – કુલ ચૂકવવાપાત્ર રકમના 15% (લઘુત્તમ ₹100 અને મહત્તમ ₹1250ને આધીન) ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ – શૂન્ય |
| ઑવર–લિમિટ ચાર્જિસ | ઑવર લિમિટ રકમના 2.5% (લઘુત્તમ ₹500ના ચાર્જિસને આધીન), ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ માટે શૂન્ય, ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ માટે લાગુ પડતું નથી |
| ચેક/ ઑટો ડેબિટ રિટર્ન / પેમેન્ટ રિટર્ન | રિટર્ન થયેલા ચેક/ ઑટો ડેબિટ/ પેમેન્ટ રિટર્ન દીઠ ₹250 |
| રિવોર્ડ રિડમ્પ્શન ફી | શૂન્ય (1લી ઓક્ટોબર, 2022થી લાગુ, પ્રતિ રિડમ્પ્શન ટ્રાન્ઝેક્શન દીઠ ₹99) |
| બ્રાન્ચ પર રોકડ ચૂકવણી ઉપર ફી | શૂન્ય |
| બહારગામના ચેકની પ્રોસેસિંગ ફી | શૂન્ય |
| ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ વિનંતી | શૂન્ય |
| કાર્ડ રિપ્લેસમેન્ટ ફી | ફર્સ્ટ મિલેનિયા ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ ક્લાસિક ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ વેલ્થ ક્રેડિટ કાર્ડ – ₹100, ઇમેજ પર્સોનાલાઇઝેશન ધરાવતાં કાર્ડ માટે ₹149 લાગુ પડશે, ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ – ₹4,000 |
| ચેક/રોકડ પ્રોસેસિંગ ફ્રી | શૂન્ય |
| ચાર્જિસ સ્લિપ વિનંતી | શૂન્ય |
| વિદેશી ચલણમાં વ્યવહાર ઉપર માર્કઅપ ચાર્જિસ | ફર્સ્ટ મિલેનિયા ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ ક્લાસિક ક્રેડિટ કાર્ડ – 3.5% ફર્સ્ટ સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ – 1.99% ફર્સ્ટ વેલ્થ ક્રેડિટ કાર્ડ – 1.5% ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ – શૂન્ય |
| ઇએમઆઇ ફ્રી | ટ્રાન્ઝેક્શન વેલ્યૂના 1% (લઘુત્તમ ₹99) |
| ફ્યુઅલ સરચાર્જ મુક્તિ^ | ટ્રાન્ઝેક્શન વેલ્યુના 1% સરચાર્જ મુક્તિ ₹200 સુધી – ફર્સ્ટ મિલેનિયા ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ ક્લાસિક ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ ઉપર પ્રત્યેક સ્ટેટમેન્ટ સાઇકલ દીઠ સરચાર્જ મુક્તિ ₹300 સુધી – પ્રત્યેક સિલેક્ટ ક્રેડિટ કાર્ડ, એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ ઉપર પ્રત્યેક સ્ટેટમેન્ટ સાઇકલ દીઠ સરચાર્જ મુક્તિ ₹400 સુધી – ફર્સ્ટ વેલ્થ ક્રેડિટ કાર્ડ, ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ ઉપર પ્રત્યેક સ્ટેટમેન્ટ સાઇકલ દીઠ |
| ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST) | ભારત સરકાર દ્વારા અધિસૂચિત દરો મુજબ, વર્તમાનમાં તમામ ફી, વ્યાજ અને અન્ય ચાર્જિસ ઉપર @18%ના દરે લાગુ પડે છે અને ફેરફારને આધીન છે. |

*કાર્ડધારકને લાગુ પડતાં ધીરાણ (વ્યાજ) દરો બેન્કના આંતરિક નીતિવિષયક માપદંડો ઉપર આધારિત છે. આ અંતિમ અને બંધનકારક છે, અને બેન્કની વિવેકબુદ્ધી પર ફેરફારને આધીન છે.

**આંતરરાષ્ટ્રીય રકમનો ડીસીસી એટલે કે ગતિશીલ ચલણ રૂપાંતરણ દ્વારા ભારતીય ચલણમાં રૂપાંતર કર્યા બાદ બિલમાં સમાવેશ કરવામાં આવશે (એટલે કે કેટલાક આંતરરાષ્ટ્રીય વેપારી આઉટલેટ્સ/ એટીએમ ખાતે ઉપલબ્ધ કરાતી સેવા જે કાર્ડધારક સભ્યને વિદેશી ચલણમાં હાથ ધરવામાં આવેલા વ્યવહારને સ્થાનિક ચલણમાં રૂપાંતર કરવાની સુવિધા આપે છે જેમ કે ઉપાડ/ વેચાણના કેન્દ્ર પર ભારતીય રૂપિયામાં.) તેમાં પ્રાપ્તકર્તા બેન્ક અથવા સેવા પૂરી પાડનાર દ્વારા લગાવવામાં આવેલી કોઇ ફી / ચાર્જિસનો સમાવેશ થઇ શકે છે.

^ફ્યુઅલ ટ્રૉન્ઝૅક્શ સરચાર્જ મેળવનારા (ટર્મિનલ / પેમેન્ટ ગેટવે પૂરો પાડી રહેલી વેપારીની બેન્ક) દ્વારા લગાવવામાં આવે છે. ફ્યુઅલ સરચાર્જ મુક્તિ લાયકાત ધરાવતાં ફ્યુઅલ ટ્રૉન્ઝૅક્શ રકમના મહત્તમ 1% સુધી મર્યાદિત રાખવામાં આવશે. ફ્યુઅલ સરચાર્જ ઉપર જીએસટી પરત કરવામાં આવશે નહીં. ચાર્જ સ્લિપ ઉપરનું મૂલ્ય ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટથી અલગ રહેશે કારણ કે મેળવનાર બેન્ક દ્વારા સરચાર્જ અને જીએસટી વ્યવહાર હાથ ધર્યા બાદ લગાવવામાં આવે છે. લાયકાત ધરાવતાં વ્યવહારો માટે 1% સરચાર્જ મુક્તિ (જીએસટી સિવાય) માસિક ક્રેડિટ કાર્ડ નિવેદનમાં અલગ રીતે દર્શાવવામાં આવશે.

## 1. ફી અને ચાર્જિસ

### i. વાર્ષિક અને રિન્યુઅલ મેમ્બરશિપ ફી

ફર્સ્ટ પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ સિવાય તમામ પ્રકારના કાર્ડ માટે વાર્ષિક અને રિન્યુઅલ મેમ્બરશિપ ફી શૂન્ય છે. ફર્સ્ટ પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ ફી લાગુ પડે તે મુજબ કાર્ડ જારી કરવાના સમયે કાર્ડધારકને જણાવવામાં આવશે. પ્રથમ પ્રાઈવેટ એડ-ઑન ક્રેડિટ કાર્ડ – પ્રથમ એડ-ઑન કાર્ડ વિનામૂલ્યે જારી કરવામાં આવે છે. બીજા એડ-ઑન અને ત્યાર બાદ જારી કરાયેલા કાર્ડ પર પ્રત્યેક એડ-ઑન દીઠ ₹4,000 વસૂલવામાં આવશે.

### ii. કાર્ડ એડવાન્સ ફી

કાર્ડધારક સભ્ય ભારત અથવા વિદેશમાં એટીએમમાંથી તાત્કાલિક ધોરણે રોકડ પ્રાપ્ત કરવા માટે કાર્ડનો વપરાશ કરી શકે છે. ચાર્જિસની અનુસૂચીમાં જણાવ્યાં મુજબ ₹250ની ટ્રાન્ઝેક્શન ફી લગાવવામાં આવશે અને આગામી સ્ટેટમેન્ટમાં કાર્ડધારક સભ્યના બિલમાં તે રકમ સમાવિષ્ટ કરવામાં આવશે. ટ્રાન્ઝેક્શન ફી કાર્ડસભ્યને પૂર્વ નોટિસ સાથે સમયાંતરે આઈડીએફસી ફર્સ્ટ બેન્કની એકમાત્ર વિવેકબુદ્ધીના આધારે ફેરફારને આધીન છે અને બેન્કની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવતી ચાર્જિસની અનુસૂચી મારફતે જાહેર કરવામાં આવશે.

### iii. લેટ પેમેન્ટ ચાર્જિસ

લેટ પેમેન્ટ ચાર્જિસ (એલપીસી) જો કાર્ડ ઉપર ચૂકવવાપાત્ર બનેલી લઘુત્તમ રકમ ચૂકવણીની અંતિમ તારીખ સુધી ચૂકવવામાં ન આવે તો લાગુ પાડવામાં આવશે. લેટ પેમેન્ટ ચાર્જિસ અગાઉના સ્ટેટમેન્ટ સુધી કાર્ડ ઉપર ચૂકવવાપાત્ર બનેલી કુલ રકમના આધારે લાગુ પાડવામાં આવશે. લેટ પેમેન્ટ ચાર્જિસ ટાળવા માટે ચોખ્ખી ચૂકવવાપાત્ર રકમ ચૂકવણીની અંતિમ તારીખે અથવા તે પહેલા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડના ખાતામાં જમા કરાવવાની રહેશે. વર્તમાનમાં એલપીસી લઘુત્તમ ₹100 અને મહત્તમ ₹1,250 સાથે ચૂકવવાપાત્ર રકમના 15% છે. કાર્ડસભ્યને પૂર્વ નોટિસ આપીને આ ચાર્જિસ સમયાંતરે આઈડીએફસી ફર્સ્ટ બેન્કની વિવેકબુદ્ધીને આધીન ફેરફારને આધીન છે અને બેન્ક વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરાયેલી ચાર્જિસની અનુસૂચી મારફતે જાહેર કરવામાં આવશે.

લેટ પેમેન્ટ ચાર્જિસ માટે ઉદાહરણ:

| કુલ ચૂકવવાપાત્ર રકમ | લેટ પેમેન્ટ ચાર્જિસ |
|---|---|
| ₹100 કરતાં ઓછા | શૂન્ય |
| ₹500 | ₹100 |
| ₹5000 | ₹750 |
| ₹8000 | ₹1200 |
| ₹10000 | ₹1250 |
| ₹10000 થી વધારે | ₹1250 |

ફર્સ્ટ પ્રાઈવેટ ક્રેડિટ કાર્ડ ઉપર એલપીસી શૂન્ય છે.

### iv. ધીરાણ ચાર્જિસ (વ્યાજ ચાર્જિસ)

કાર્ડસભ્ય ભારત અથવા વિદેશમાં એટીએમમાંથી તાત્કાલિક ધોરણે રોકડ મેળવવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકે છે. ચાર્જિસની અનુસૂચીમાં દર્શાવ્યા મુજબ ₹250 ટ્રાન્ઝેક્શન ફી વસૂલવામાં આવશે અને આગામી સ્ટેટમેન્ટમાં કાર્ડસભ્યના બિલમાં તેનો સમાવેશ કરવામાં આવશે. ટ્રાન્ઝેક્શન ફી કાર્ડસભ્યને પૂર્વ નોટિસ આપીને સમયાંતરે આઈડીએફસી ફર્સ્ટ બેન્કની એકમાત્ર વિવેકબુદ્ધી પર ફેરફારને આધીન છે અને બેન્ક વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલી ચાર્જિસની અનુસૂચી મારફતે જાહેર કરવામાં આવશે.

ક) જો કાર્ડસભ્ય અગાઉની ચૂકવવાપાત્ર બાકી રકમ અથવા કુલ ચૂકવવાપાત્ર રકમ ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં ચૂકવવામાં ન આવે તો ક્રેડિટ (વ્યાજ) ચાર્જિસ વસૂલવામાં આવશે. કાર્ડસભ્ય તેની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવાનું પસંદ ન કરે તો તે કિસ્સામાં વ્યાજના ચાર્જિસ ટ્રાન્ઝેક્શનની તારીખથી જ્યાં સુધી તેને પરત ચૂકવવામાં ન આવે ત્યાં સુધી (કાર્ડ પર ચૂકવેલી અગ્રીમ રકમ સહિત) તમામ ટ્રાન્ઝેક્શન ઉપર માસિક વ્યાજ દરે ચૂકવવાપાત્ર છે. ક્રેડિટ ચાર્જિસ, જો ચૂકવવાપાત્ર હોય તો કાર્ડ ઉપર બાકી રહેલી રકમ કાર્ડસભ્યના ખાતામાં સંપૂર્ણ ચૂકવવામાં આવે ત્યાં સુધી ઉધારવામાં આવશે. જો તેઓ અગાઉની બિલ રકમની સંપૂર્ણ અથવા ચૂકવણીની અંતિમ તારીખ પહેલા ન ચૂકવે તો કાર્ડસભ્ય પાસેથી વ્યાજ રોજિંદા ઉપાર્જન ધોરણે વસૂલ કરવામાં આવશે. વ્યાજ ટ્રાન્ઝેક્શનની તારીખથી પતાવટની તારીખ સુધી વસૂલવામાં આવશે.

ખ) જ્યારે કાર્ડસભ્ય કોઈ બાકી રકમ આગળ લઈ જાય ત્યારે, જ્યાં સુધી અગાઉ બાકી રહેલી રકમની સંપૂર્ણ પુનઃચૂકવણી કરવામાં ન આવે ત્યાં સુધી આગળ લઈ જવામાં આવેલી બાકી રકમ ઉપર સરેરાશ રોજિંદી બાકી પદ્ધતિ દ્વારા ગણતરી કરવામાં આવેલા ક્રેડિટ ચાર્જિસ લાગુ પડશે.

ગ) ક્રેડિટ (વ્યાજ) દરો કાર્ડસભ્યની ક્રેડિટ હિસ્ટ્રી, ખરીદીના વલણો, ચૂકવણી વર્તણૂંક, ઉપયોગિતા વલણો, લોયલ્ટી, વિન્ટેજ અને બેન્કના આંતરિક નીતિવિષયક માપદંડો સહિત પરંતુ તેટલા પૂરતાં મર્યાદિત ન હોય તેવા પરિબળો ઉપર આધારિત પરિવર્તનશીલ છે. ક્રેડિટ (વ્યાજ) દરો એકમાત્ર આઇડીએફસી ફર્સ્ટ બેન્કની વિવેકબુદ્ધી પર પ્રતિ માસ 3.99% (વાર્ષિક 47.88%) સુધી ફેરફાર / વધી શકે છે અથવા પ્રતિમાસ 0.75% (9.00% વાર્ષિક) સુધી ફેરફાર / ઘટી શકે છે અને કાર્ડસભ્યને બંધનકારક છે.

ઘ) જો કાર્ડસભ્ય આઇડીએફસી ફર્સ્ટ બેન્ક ક્રેડિટ કાર્ડની પરિવર્તનશીલ ધીરાણ સુવિધાનો ઉપયોગ કરી રહ્યો હોય અને આથી માસિક બિલિંગ સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવેલી કુલ ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી રકમ ચૂકવવાનું પસંદ કરે છે તો સમગ્ર બાકી રહેલી રકમ ઉપર જ્યાં સુધી અગાઉની બાકી ચૂકવવાપાત્ર રકમની સંપૂર્ણ પુનઃચૂકવણી કરવામાં ન આવે તે સમય સુધી ક્રેડિટ ચાર્જિસ લાગુ પડશે. કૃપા કરીને નોંધ લેશો કે અંતિમ બાકી રકમ તમામ નવી ખરીદીઓ / રોકડ ઉપાડો સહિત તેની સાથે અગાઉના સ્ટેટમેન્ટ મુજબ ક્રેડિટ કાર્ડ ઉપર લોન માટે કોઇ બિલમાં સમાવિષ્ટ થયેલા ઇએમઆઇ સહિત કુલ ચૂકવવાપાત્ર રકમની સંપૂર્ણ ચૂકવણીની તારીખ સુધી વ્યાજ લાગુ પડશે.

ચ) અન્ય ક્રેડિટ કાર્ડ એકાઉન્ટમાંથી બેલેન્સ ટ્રાન્સફરના કિસ્સામાં, ફાઇનાન્સ ચાર્જિસ હસ્તાંતર થયેલી રકમ ઉપર અને તમારા કાર્ડ એકાઉન્ટ ઉપર કોઇ ખરીદીની બાકી રકમ ઉપર બેન્કર્સ ચેક / એનઇએફટી જારી થવાની તારીખથી તાત્કાલિક ઉપાર્જિત થશે.

છ) ઉપર દર્શાવ્યાં મુજબ ફાઇનાન્સ ચાર્જિસ કાર્ડ ઉપર બાકી રહેલી રકમ જ્યાં સુધી સંપૂર્ણ ચૂકતે કરવામાં ન આવે ત્યાં સુધી કાર્ડ એકાઉન્ટ બંધ કરાવ્યાં બાદ પણ ચૂકવવાપાત્ર બનવાનું ચાલુ રહેશે.

વ્યાજ અને ચાર્જિસન ગણતરી માટે દ્રષ્ટાંતરૂપ ઉદાહરણઃ

**ઉદાહરણ 1**

નીચેનું ઉદાહરણ લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં ચૂકવવામાં ન આવે તે પ્રસંગે વિવિધ ચાર્જિસની ગણતરીની પદ્ધતિ સૂચવશે. અનુમાન કરવામાં આવ્યું છે કે કાર્ડસભ્યે અગાઉની તમામ ચૂકવવાપાત્ર રકમ સંપૂર્ણ ચૂકવી છે અને કાર્ડ એકાઉન્ટમાં કોઇ બાકી ચૂકવવાપાત્ર રકમ ધરાવતો નથી. સ્ટેટમેન્ટની તારીખ 24મી નવેમ્બર છે અને ચૂકવણીની અંતિમ તારીખ 12મી ડિસેમ્બર છે. કાર્ડ એકાઉન્ટમાં કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શનની સૂચી નીચે મુજબ છેઃ

| તારીખ | વ્યવહાર | રકમ | બાકી રકમ |
|---|---|---|---|
| 10–નવે. | કપડાની ખરીદી | ₹15000 | ₹15000 |
| 15–નવે. | એટીએમ ઉપાડ | ₹5000 | ₹20000 |
| 15–નવે. | રોકડ અગ્રીમ ચૂકવણી ફી (કરવેરાઓ સહિત) | ₹295 | ₹20295 |
| 18–નવે. | કરિયાણાની ખરીદી | ₹6000 | ₹26295 |
| 24–નવે. | સ્ટેટમેન્ટ તારીખ | કુલ ચૂકવવાપાત્ર રકમ<br>લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ | ₹26295<br>₹1595 |
| 12–ડિસે. | | ચૂકવણીની અંતિમ તારીખ | |
| 13–ડિસે. | વિલંબિત ચૂકવણી ચાર્જિસ (કરવેરાઓ સહિત) | ₹1475 | ₹27770 |
| 18–ડિસે. | કાર્ડ ખાતામાં ચૂકવણી | ₹2000 (જમા) | ₹25770 |
| 20–ડિસે. | ઇલેક્ટ્રિસિટી બિલ ચૂકવણી | ₹1000 | ₹26770 |
| 22–ડિસે. | કાર્ડ એકાઉન્ટમાં ચૂકવણી | ₹18000 (જમા) | ₹8770 |

24મી ડિસેમ્બર (એટલે કે આગામી સ્ટેટમેન્ટની તારીખ) સુધી કાર્ડ ઉપર કોઇ વધુ ચૂકવણી કરવામાં આવેલી નથી. કાર્ડ ઉપર બાકી રહેલી રકમ ઉપર વ્યાજનો દર પ્રતિ વર્ષ 47.88% છે, વ્યાજ અને ચાર્જિસ નીચે મુજબ લગાવવામાં આવશેઃ

ક) વ્યાજ ચાર્જિસ

| બાકી રકમ | તારીખથી | તારીખ સુધી | દિવસોની સંખ્યા | વ્યાજ ચાર્જિસ |
|---|---|---|---|---|
| ₹15000 | 10–નવે. | 14–નવે. | 5 | ₹98.38 |
| ₹20295 | 15–નવે. | 17–નવે. | 3 | ₹79.87 |
| ₹26295 | 18–નવે. | 12–ડિસે. | 25 | ₹862.33 |
| ₹27770 | 13–ડિસે. | 17–ડિસે. | 5 | ₹182.14 |
| ₹25770 | 18–ડિસે. | 19–ડિસે. | 2 | ₹67.61 |
| ₹26770 | 20–ડિસે. | 21–ડિસે. | 2 | ₹70.23 |
| ₹8770 | 22–ડિસે. | 24–ડિસે. | 3 | ₹34.51 |
| | | કુલ વ્યાજ ચાર્જિસ | | ₹1395.08 |

ખ) વ્યાજ ચાર્જિસના @18% GST = ₹251.12

ગ) કુલ બાકી ચૂકવવાપાત્ર રકમ = ₹8770

આથી 24 ડિસેમ્બરના સ્ટેટમેન્ટમાં કુલ ચૂકવવાપાત્ર રકમ (a) + (b) + (c) = ₹10416.20

**ઉદાહરણ 2**

નીચેનું ઉદાહરણ ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ ચૂકવવાના પ્રસંગે વિવિધ ચાર્જિસની ગણતરીની પદ્ધતિ સૂચવે છે. અનુમાન કરવામાં આવ્યું છે કે કાર્ડસભ્યે અગાઉની તમામ ચૂકવવાપાત્ર રકમ સંપૂર્ણ ચૂકવી છે અને કાર્ડ એકાઉન્ટમાં કોઇ બાકી રકમ ધરાવતો નથી. સ્ટેટમેન્ટ તારીખ 24મી નવેમ્બર છે અને ચૂકવણીની અંતિમ તારીખ 12મી ડિસેમ્બર છે. કાર્ડ એકાઉન્ટમાં કરવામાં આવેલા વ્યવહારોની સૂચી નીચે મુજબ છે:

| તારીખ | વ્યવહાર | રકમ | બાકી |
|---|---|---|---|
| 10–નવે. | કપડાંની ખરીદી | ₹૧૫૦૦૦ | ₹૧૫૦૦૦ |
| 15–નવે. | એટીએમ ઉપાડ | ₹૫૦૦૦ | ₹૨૦૦૦૦ |
| 15–નવે. | રોકડ અગ્રીમ ચૂકવણી ફી (કરવેરાઓ સહિત) | ₹૨૯૫ | ₹૨૦૨૯૫ |
| 18–નવે. | કરિયાણાની ખરીદી | ₹૬૦૦૦ | ₹૨૬૨૯૫ |
| 24–નવે. | સ્ટેટમેન્ટ તારીખ | કુલ ચૂકવવાપાત્ર રકમ<br>લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ | ₹૨૬૨૯૫<br>₹૧૫૯૫ |
| 12–ડિસે. | | ચૂકવણીની અંતિમ તારીખ | |
| 12–ડિસે. | કાર્ડ એકાઉન્ટમાં ચૂકવણી | –₹૧૫૯૫ | ₹૨૪૭૦૦ |
| 18–ડિસે. | કાર્ડ એકાઉન્ટમાં ચૂકવણી | –₹૨૦૦૦ | ₹૨૨૭૦૦ |
| 20–ડિસે. | ઇલેક્ટ્રિસિટી બિલ ચૂકવણી | –₹૧૦૦૦ | ₹૨૩૭૦૦ |
| 22–ડિસે. | કાર્ડ એકાઉન્ટમાં ચૂકવણી | –₹૧૮૦૦૦ | ₹૫૭૦૦ |

24મી ડિસેમ્બર (જેમ કે આગામી સ્ટેટમેન્ટ તારીખ) સુધી કાર્ડ ઉપર કોઇ વધુ ચૂકવણી કરવાં આવેલી નથી. ધારણાં કરવામાં આવે છે કે કાર્ડ ઉપર બાકી રકમ પર પ્રતિ વર્ષ દીઠ વાર્ષિક 36% વ્યાજ દર છે, વ્યાજ અને ચાર્જિસ નીચે મુજબ લગાવવામાં આવશે:

ક) વ્યાજ ચાર્જિસ

| બાકી રકમ | તારીખથી | તારીખ સુધી | દિવસની સંખ્યા | વ્યાજ ચાર્જિસ |
|---|---|---|---|---|
| ₹15000 | 10–નવે. | 14–નવે. | 5 | ₹73.97 |
| ₹20295 | 15–નવે. | 17–નવે. | 3 | ₹60.05 |
| ₹26295 | 18–નવે. | 11–ડિસે. | 24 | ₹622.44 |
| ₹24700 | 12–ડિસે. | 17–ડિસે. | 6 | ₹146.17 |
| ₹22700 | 18–ડિસે. | 19–ડિસે. | 2 | ₹44.78 |
| ₹23700 | 20–ડિસે. | 21–ડિસે. | 2 | ₹46.75 |
| ₹5700 | 22–ડિસે. | 24–ડિસે. | 3 | ₹16.87 |
| | | કુલ વ્યાજ ચાર્જિસ | | ₹1011.02 |

ખ) વ્યાજ ચાર્જિસ ઉપર @18% જીએસટી = ₹181.98

ગ) કુલ બાકી રહેલી રકમ = ₹5700

આથી 24મી ડિસેમ્બરના સ્ટેટમેન્ટમાં કુલ બાકી ચૂકવવાપાત્ર રકમ (a) + (b) + (c) = ₹6893

**ઉદાહરણ 3**

નીચેનું ઉદાહરણ ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં કુલ ચૂકવવાપાત્ર રકમ ચૂકવી દેવામાં આવે તે કિસ્સામાં વિવિધ ચાર્જિસની ગણતરીની પદ્ધતિ સૂચવે છે. અનુમાન કરવામાં આવ્યું છે કે કાર્ડસભ્યે અગાઉની તમામ ચૂકવણી પૂર્ણ કરી છે અને કાર્ડ એકાઉન્ટમાં કોઇ ચૂકવવાપાત્ર બાકી રકમ ધરાવતો નથી. સ્ટેટમેન્ટ તારીખ 24મી નવેમ્બર છે અને ચૂકવણીની અંતિમ તારીખ 12મી ડિસેમ્બર છે. કાર્ડ એકાઉન્ટમાં કરાયેલા વ્યવહારોની સૂચી નીચે મુજબ છે:

| તારીખ | વ્યવહાર | રકમ | બાકી રકમ |
|---|---|---|---|
| 10–નવે. | કપડાની ખરીદી | ₹૧૫૦૦૦ | ₹૧૫૦૦૦ |
| 15–નવે. | એટીએમ ઉપાડ | ₹૫૦૦૦ | ₹૨૦૦૦૦ |
| 15–નવે. | અગ્રીમ રોકડ ઉપાડ ફી (કરવેરાઓ સહિત) | ₹૨૯૫ | ₹૨૦૨૯૫ |
| 18–નવે. | કરિયાણાની ખરીદી | ₹૬૦૦૦ | ₹૨૬૨૯૫ |
| 24–નવે. | સ્ટેટમેન્ટ તારીખ | કુલ ચૂકવવાપાત્ર રકમ<br>લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ | ₹૨૬૨૯૫<br>₹૧૫૯૫ |
| 12–ડિસે. | | ચૂકવણીની અંતિમ તારીખ | |
| 12–ડિસે. | કાર્ડ એકાઉન્ટમાં કરાયેલી ચૂકવણી | ₹૨૬૨૯૫ | – |
| 20–ડિસે. | ઇલેક્ટ્રિસિટી બિલ ચૂકવણી | ₹૧૦૦૦ | ₹૧૦૦૦ |

24 ડિસેમ્બર (એટલે કે આગામી સ્ટેટમેન્ટ તારીખ) સુધી કોઇ વધુ ચૂકવણી કરવામાં આવેલી નથી. ધારણાં કરવામાં આવે છે કે કાર્ડ ઉપર ચૂકવવાપાત્ર બાકી રકમ પર પ્રતિ વર્ષ દીઠ વાર્ષિક વ્યાજ દર 36% છે, વ્યાજ અને ચાર્જિસ નીચે મુજબ લગાવવામાં આવશે:

ક) વ્યાજ ચાર્જિસ – શૂન્ય

ખ) જીએસટી ચાર્જિસ – શૂન્ય

ગ) કુલ ચૂકવવાપાત્ર રકમ બાકી = ₹1000

આથી 24મી ડિસેમ્બરના સ્ટેટમેન્ટમાં કુલ બાકી ચૂકવવાપાત્ર રકમ (a) + (b) + (c) = ₹1000

v. અન્ય ચાર્જિસ:

ક) ઓવર–લિમિટ ફી: બેન્ક કાર્ડસભ્ય દ્વારા પ્રયત્ન કરાયેલા કેટલાક વ્યવહારો મંજૂર કરી શકે છે, જે સેવાના ભાગરૂપે ક્રેડિટ મર્યાદાનું ઉલ્લંઘન કરી શકે છે. ઓવર–લિમિટ બદલ લઘુત્તમ રકમ ₹500ને આધીન 2.5% ઓવર–લિમિટ ચાર્જ વસૂલ કરવામાં આવશે. ઓવર–લિમિટનો પ્રસંગ ફી અથવા વ્યાજ ચાર્જિસના કારણે પણ સર્જાઇ શકે છે. ફર્સ્ટ વાવ! ક્રેડિટ કાર્ડ ઉપર ઓવર–લિમિટ ફી લાગુ પડતી નથી.

ખ) વિદેશી ચલણમાં ચાર્જિસ: જો વ્યવહાર ભારતીય રૂપિયા સિવાય અન્ય ચલણમાં હાથ ધરવામાં આવ્યો હોય તો તે વ્યવહાર ભારતીય રૂપિયામાં રૂપાંતર કરવામાં આવશે. રૂપાંતર આઇડીએફસી ફર્સ્ટ બેન્ક સાથે સરભર થયેલા વ્યવહારની તારીખના રોજ હાથ ધરવામાં આવશે, જે સંભવતઃ તે તારીખ હોઇ ન પણ હોઇ શકે જે તારીખે વ્યવહાર હાથ ધરવામાં આવ્યો હતો. જો વ્યવહાર યુએસ ડોલરમાં હાથ ધરાયો નહીં હોય તો રૂપાંતર યુએસ ડોલર મારફતે, ચાર્જ કરાયેલી રકમ યુએસ ડોલરમાં રૂપાંતર કર્યા બાદ યુએસ ડોલરની રકમ ભારતીય રૂપિયામાં રૂપાંતર કરીને કરવામાં આવશે. જો લાગુ પડતાં કાયદાઓ દ્વારા ચોક્કસ દરની જરૂરિયાત હોય તે સિવાય, યુએસ ડોલરમાંથી ભારતીય રૂપિયામાં રૂપાંતર દર સરભરની તારીખે, જે તે કિસ્સા મુજબ વિઝા અથવા માસ્ટરકાર્ડ દ્વારા પૂરા પાડવામાં આવેલા દરોએ હશે, જે આવા વ્યવહાર ઉપર ચલણ રૂપાંતર પરિબળ મૂલ્યાંકન અથવા માર્કઅપ દ્વારા વધી શકે છે. કૃપા કરીને કાર્ડ અનુસાર માર્કઅપ ચાર્જિસ માટે ચાર્જિસની અનુસૂચી ધ્યાન ઉપર લો.

ગ) ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન સરચાર્જ અને રેલવે ટિકિટ બૂકિંગ સરચાર્જ (ચાર્જિસની અનુસૂચીમાં આપ્યાં મુજબ) માત્ર સૂચક છે. આ સરચાર્જિસ પ્રાપ્તકર્તા (ટર્મિનલ / પેમેન્ટ ગેટવે પૂરું પાડી રહેલી વેપારી બેન્ક) દ્વારા લગાવવામાં આવે છે.

ઘ) સ્ટેટમેન્ટ, કાર્ડ ફેરબદલી, આઉટસ્ટેશન ચેક, શાખાઓ / એટીએમ પર રોકડ જમા, પરત થયેલી ચૂકવણીઓ, ઇએમઆઇ કન્વર્ઝન, રોકડ પ્રોસેસિંગ, રિવોર્ડ રિડમ્પ્શન, બેલેન્સ ટ્રાન્સફર, લોન પ્રોસેસિંગ, પ્રી-ક્લોઝર, કાર્ડ વેલિડેશન, લૌન્જ, એડ-ઑન કાર્ડ સંબંધિત અન્ય લાગુ પડતાં ચાર્જિસ, ચાર્જિસની અનુસૂચીમાં આપ્યાં મુજબ લાગુ પડશે.

ચ) સમયાંતરે લાગુ પડી શકે તે મુજબ અન્ય વધારાના ચાર્જિસ અને ફી કાર્ડસભ્યને આઇડીએફસી ફર્સ્ટ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવેલી ચોક્કસ સેવાઓ માટે કાર્ડસભ્યો દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.

છ) આઇડીએફસી ફર્સ્ટ બેન્ક ગ્રાહકને સૂચના સાથે, પોતાને યોગ્ય લાગુ તે અનુસાર, સમયાંતરે કોઇપણ ચાર્જિસ અને ફીમાં ફેરબદલ કરવાનો અથવા કોઇ નવા ચાર્જિસ અથવા ફી રજૂ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

## 2. લિમિટ્સ

આઇડીએફસી ફર્સ્ટ બેન્ક એકમાત્ર પોતાની વિવેકબુદ્ધી પર કાર્ડસભ્યની ક્રેડિટ લિમિટ અને રોકડ ઉપાડ લિમિટ નિર્ધારિત કરશે. (એડ-ઑન કાર્ડસભ્ય પણ તે જ લિમિટ ધરાવશે. ક્રેડિટ લિમિટ અને રોકડ ઉપાડ લિમિટ કાર્ડની ડિલિવરીના સમયે જણાવવામાં આવે છે અને માસિક સ્ટેટમેન્ટ્સમાં પણ પ્રદર્શિત કરવામાં આવે છે. ઉપલબ્ધ ક્રેડિટ લિમિટની કુલ ક્રેડિટ લિમિટમાંથી ઉપયોગ કરવામાં આવેલી લિમિટ બાદ કર્યા બાદ ગણતરી કરવામાં આવે છે. કાર્ડસભ્યે કાર્ડ ઉપર ક્રેડિટ લિમિટની અંદર કોઇ લોન પ્રાપ્ત કરી હોય તો તે કિસ્સામાં, બાકી રહેલી લોન રકમ ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ પર પહોંચવા માટે કુલ ક્રેડિટ લિમિટમાંથી બાદ કરવામાં આવશે. રોકડ લિમિટ ક્રેડિટ લિમિટને આધીન અથવા સમયાંતરે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક દ્વારા નિર્ધારિત કર્યા મુજબ રહેશે. કાર્ડસભ્ય પોતાની મેમ્બરશિપના 12 મહિના પૂર્ણ થવા પર આઇડીએફસી ફર્સ્ટ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવે તો ક્રેડિટ લિમિટ/અથવા રોકડ લિમિટની સમીક્ષા / વધારો / ઘટાડા કરવા માટે અરજી કરવાનો અધિકાર ધરાવશે. જો આવી સમીક્ષા હાથ ધરવા પર જો કોઇ ફેરફાર કરવામાં આવે તો તે ક્રેડિટ લિમિટ અને/અથવા રોકડ લિમિટ એકમાત્ર આઇડીએફસી ફર્સ્ટ બેન્કની વિવેકબુદ્ધીને આધીન રહેશે. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કોઇપણ સમયે એકમાત્ર પોતાની વિવેકબુદ્ધીને આધારે કાર્ડ ઉપર નિર્ધારિત કરવામાં આવેલી ક્રેડિટ લિમિટ અને/અથવા રોકડ લિમિટની સમીક્ષા (વધારા અને ઘટાડા સહિત) કરવાનો અધિકાર ધરાવશે અને ક્રેડિટ લિમિટ અને/અથવા રોકડ લિમિટમાં જો કોઇ માત્ર વધારાઓ હોય તો તે કાર્ડસભ્યની સંમતિથી આઇડીએફસી ફર્સ્ટ બેન્ક દ્વારા અમલી કરવામાં આવશે. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ સમયાંતરે મંજૂર કરવામાં આવેલી લિમિટ્સની સ્વીકૃતિ તરીકે ગણવામાં આવશે. ફર્સ્ટ પ્રાઇવેટ ક્રેડિટ કાર્ડ સભ્ય માટે, વધારાની ક્રેડિટ લિમિટ બેન્ક સમક્ષ જાહેર કરવામાં આવેલા કાર્ડસભ્યના વ્યક્તિગત સ્ત્રોતો, અગાઉનો ખર્ચ અને પુનઃચૂકવણીના ઇતિહાસના આધારે બેન્ક દ્વારા નિર્ધારિત કરી શકાય છે. આ નિર્ધારિત કરેલી ક્રેડિટ લિમિટ ઉપરાંત અને સમયાંતરે બેન્ક યોગ્ય ગણે તે પ્રમાણે વધારાની લિમિટના સ્વરૂપમાં હોઇ શકે છે.

## 3. વ્યાજ મુક્ત સમયગાળો

વ્યાજ મુક્ત (રાહત) સમયગાળો 48 દિવસો કરતાં વધશે નહીં અને વ્યવહારની તારીખ અને સ્ટેટમેન્ટ તારીખના આધારે અલગ-અલગ રહેશે. કૃપા કરીને નોંધ લેશો કે જો અંતિમ તારીખના રોજ અથવા પહેલા અગાઉના મહિનાનું સ્ટેટમેન્ટ બેલેન્સ સંપૂર્ણ ભરપાઇ કરી દેવામાં ન આવે તો વ્યાજ મુક્ત સમયગાળો લાગુ પડતો નથી.

<u>રાહત સમયગાળાની ગણતરી માટે સૂચનાત્મક ઉદાહરણઃ</u>

25 ઓક્ટોબર, 2020થી 24 નવેમ્બર સુધીના સમયગાળા માટે સ્ટેટમેન્ટ માટે, ચૂકવણીની અંતિમ તારીખ 12મી ડિસેમ્બર, 2020 રહેશે. અહીં ધારણાં કરવામાં આવી છે કે તમે ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં અગાઉના મહિનાની કુલ ચૂકવવાપાત્ર રકમની ચૂકવણી કરી છે.

1. તારીખ 2 નવેમ્બરના રોજ કરેલી ખરીદી માટે, વ્યાજ-મુક્ત રાહત સમયગાળો 2જી નવેમ્બરથી 11મી ડિસેમ્બર એટલે કે 40 દિવસો છે.
2. તારીખ 25 ઓક્ટોબરના રોજ કરેલી ખરીદી માટે, વ્યાજ-મુક્ત રાહત સમયગાળો 25મી ઓક્ટોબરથી 11મી ડિસેમ્બર એટલે કે 48 દિવસોનો છે.

## 4. ચૂકવણી કરવાની અંતિમ તારીખ (પીડીડી)

ચૂકવણી કરવાની અંતિમ તારીખ બાકી રહેલી રકમની રિપેમેન્ટ હિસ્ટ્રીના આધારે સ્ટેટમેન્ટની તારીખથી 15 અને 20 દિવસોની વચ્ચે જુદી જુદી હોઇ શકે છે. આ સમયગાળો બેન્કની વિવેકબુદ્ધી ઉપર નિર્ભર છે અને તેમાં ફેરફાર થઇ શકે છે. ઉદાહરણ તરીકે વ્યાજ મુક્ત સમયગાળાના વિભાગમાં, સ્ટેટમેન્ટ સમયગાળો 12મી ડિસેમ્બરની અંતિમ તારીખ સાથે 25મી ઓક્ટોબરથી 24મી નવેમ્બરની વચ્ચે છે, અહીં ચૂકવણી કરવાની અંતિમ તારીખનો સમયગાળો 18 દિવસો છે.

## 5. બિલિંગ અને સ્ટેટમેન્ટ

i. સ્ટેટમેન્ટઃ કાર્ડસભ્યના વ્યવહારોનું માસિક ધોરણે બિલ તૈયાર કરવામાં આવશે અને મહિના માટે જો કોઇ ચૂકવણીઓ, વ્યવહારો અને ચાર્જિસ હોય તો તેનો સમાવેશ કરીને માસિક સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે, પરંતુ તેના માટે ઉપરોક્ત જણાવેલા સમયગાળા દરમિયાન ₹100થી વધુના ટ્રાન્ઝેક્શન માટે કાર્ડનો વપરાશ થયેલો હોવો જોઇએ. સ્ટેટમેન્ટ પોસ્ટ/ ઇમેલ/ એસએમએસ/ વોટ્સઅપ અથવા સમયાંતરે બેન્ક દ્વારા જણાવવામાં આવેલી કોઇ અન્ય પદ્ધતિ દ્વારા બેન્ક પાસે નોંધાયેલી વિગતો અનુસાર પત્રવ્યવહારના સરનામે/ ઇમેલ એડ્રેસ/ ફોન નંબર ઉપર મોકલી આપવામાં આવશે. સ્ટેટમેન્ટ પ્રાપ્ત ન થવું તે કાર્ડસભ્યની આ કરાર હેઠળ ફરજો અને જવાબદારીઓને પ્રભાવિત કરશે નહીં અને કાર્ડસભ્ય ચૂકવણી કરવાની અંતિમ તારીખ સુધીમાં કાર્ડની ઉપર બાકી રહેલી રકમ ભરપાઇ કરવા જવાબદારી ધરાવશે. બેન્ક વેપારી કેન્દ્રો તરફથી પ્રાપ્ત કરવામાં આવેલી તમામ ઉધાર રકમો માટે અને તેની ઉપર લાગુ થયેલા ચાર્જિસ માટે કાર્ડ એકાઉન્ટને ઉધારશે, અને બેન્કને કાર્ડસભ્ય દ્વારા કરવામાં આવેલી તમામ ચૂકવણીઓ માટે કાર્ડ તથા કાર્ડસભ્યની તરફેણમાં પ્રાપ્ત થયેલી કોઇપણ ચૂકવણી માટે કાર્ડ એકાઉન્ટ જમા કરશે.

ii. ચૂકવવાપાત્ર બાકી રકમોઃ માસિક સ્ટેટમેન્ટ લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ (એમએડી) અને કુલ ચૂકવવાપાત્ર રકમ (ટીએડી) દર્શાવશે. બેન્ક કાર્ડસભ્યને પરિવર્તનશીલ ક્રેડિટ સુવિધા ઉપલબ્ધ કરાવી શકે છે જેમાં કાર્ડસભ્ય સ્ટેટમેન્ટમાં સૂચિત કર્યા મુજબ માત્ર એમએડીની ચૂકવણી કરવાનું પસંદ કરી શકે છે. ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં માસિક ચૂકવણીમાં ઓછામાં ઓછી એમએડીનો સમાવેશ થયો હોવો જોઇએ. અગાઉની સ્ટેટમેન્ટમાંથી નહીં ચૂકવવામાં આવેલી એમએડી પણ વર્તમાન સ્ટેટમેન્ટમાં ચૂકવવાપાત્ર એમએડી સુધી પહોંચવા માટે વર્તમાન એમએડીમાં ઉમેરવામાં આવશે. જો ચૂકવણીની અંતિમ તારીખ સુધીમાં કુલ ચૂકવવાપાત્ર રકમ ચૂકવવામાં નહીં આવી હોય તો વ્યાજ વસૂલવામાં આવશે, ભલે લઘુત્તમ ચૂકવવાપાત્ર ચૂકવી દેવામાં આવી હોય. કાર્ડસભ્ય બિલિંગ સમયગાળા દરમિયાન એક કરતાં વધારે વખત ચૂકવણી કરવાની અંતિમ તારીખ પહેલા લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ કરતાં વધારે ચૂકવણી કરી શકે છે અથવા ચૂકવણીની અંતિમ તારીખ પહેલા કોઇપણ સમયે કાર્ડ એકાઉન્ટ ઉપર બાકી રહેલી રકમની ચૂકવણી કરી શકે છે.

એમએડી તમામ હપ્તાઓ, ક્રેડિટ લિમિટ ઉપરાંત વપરાશ કરવામાં આવેલી રકમ, ફી, ચાર્જિસ અને બાકી રહેલી રકમની 5%ના સરવાળા જેટલી રકમ હશે. જો કુલ ચૂકવવાપાત્ર રકમ (ટીએડી) ₹100 કરતાં ઓછી હશે તો એમએડીની રકમ ટીએડી જેટલી હશે.

ગ્રાહકે અચૂક નોંધ લેવી જોઇએ કે દર મહિને માત્ર લઘુત્તમ રકમની ચૂકવણી તેમની બાકી રહેતી રકમ ઉપર પરિણામ સ્વરૂપ વ્યાજ સાથે વર્ષો સુધી લંબાતી પુનઃચૂકવણીમાં પરિણમશે.

ઉદાહરણઃ જો કાર્ડસભ્ય ₹5,000 ખર્ચે છે અને દર મહિને ઓછામાં ઓછી લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ જ પરત ચૂકવે છે (2100ની લઘુત્તમ ચૂકવણીને આધીન) તો કુલ રકમ પરત કરવામાં 3 વર્ષ અને 8 મહિના જેટલો સમય લાગી શકે છે. અમે આથી સૂચન કરીએ છીએ કે જ્યારે પણ રોકડ ચૂકવણીની સગવડ હોય ત્યારે કાર્ડસભ્યે લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ કરતાં નોંધપાત્ર રીતે વધારે રકમની પુનઃચૂકવણી કરવી જોઇએ, જેને કાર્ડની બાકી રહેતી રકમ પ્રત્યે ચૂકવણી તરીકે ગણવામાં આવે. જો કાર્ડસભ્ય કાર્ડની બાકી રહેતી રકમની સરખામણીમાં વધારાની ચૂકવણી કરે છે તો કાર્ડ એકાઉન્ટમાં જમા બાકી રકમ રહેશે. આ રકમને કાર્ડ ઉપર ત્યારપછી હાથ ધરવામાં આવતાં વ્યવહારોની સામે સરભર કરવામાં આવશે. જોકે, આ વધારાની જમા રકમ ઉપર કોઇ વ્યાજનો દાવો રજૂ કરી શકાશે નહીં. કાર્ડધારક દ્વાવા કરવામાં આવેલી કોઇપણ ચૂકવણી પરંતુ 48 કલાકની અંદર આઇડીએફસી ફર્સ્ટ બેન્ક ક્રેડિટ કાર્ડને પ્રાપ્ત ન થયેલી જમા રકમ માટે તેણે/તેણીએ બેન્કનો સંપર્ક કરવાની જરૂરિયાત રહેશે.

## 6. ચૂકવણીઓ

કાર્ડની સામે પ્રાપ્ત થયેલી ચૂકવણીઓ નીચેના ક્રમમાં વિવિધ શ્રેણીઓમાં સરભર કરવામાં આવશેઃ

i. કરવેરાઓ સહિત ફી અને ચાર્જિસ

ii. ઇએમઆઇ
iii. વ્યાજ ચાર્જિસ
iv. રોકડ અગ્રીમ ચૂકવણીઓ
v. ખરીદીઓ
vi. અન્ય કપાતો
બિલમાં બાકી રહેલી રકમોને ચૂકવણીની અરજી માટે બિલમાં સમાવિષ્ટ કરવામાં ન આવેલી બાકી રહેતી રકમની ઉપર પ્રાધાન્ય આપવામાં આવશે, જેમાં ચૂકવણીની અરજીનો ક્રમ ઉપરોક્ત દર્શાવ્યાં મુજબ રહેશે. વેપારી તરફથી રિફન્ડ / કેશબેક/ વ્યવહારોને ઇએમઆઇમાં તબદિલ થવાથી/ રદ થયેલા વ્યવહારો/ રિવર્સલ/ પ્રમોશનલ કેશબેકના કારણે જમા થતી રકમોને કાર્ડની બાકી રહેતી રકમની તરફેણમાં ચૂકવણી તરીકે ગણવામાં આવશે નહીં.

## 7. ચૂકવણીઓની પદ્ધતિઓ

કાર્ડ એકાઉન્ટમાં ચૂકવણીઓ નીચે પૈકીની કોઇપણ એક રીતે કરી શકાય છે

i. નેટબેન્કિંગ: જો કાર્ડસભ્ય આઇડીએફસી ફર્સ્ટ બેન્ક એકાઉન્ટ ધરાવતો હોય તો, તે/તેણી વેબસાઇટ અથવા મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને નેટબેન્કિંગ મારફતે ઑનલાઇન ચૂકવણી કરી શકે છે.
ii. આઇએમપીએસ / એનઇએફટી: જો કાર્ડસભ્ય આઇડીએફસી ફર્સ્ટ બેન્ક એકાઉન્ટ ધરાવતો ન હોય તો તે/તેણી તેમના સંબંધિત બેન્ક એકાઉન્ટમાંથી એનઇએફટી અથવા આઇએમપીએસ પદ્ધતિથી ક્રેડિટ કાર્ડ ઉપર બાકી રહેતી રકમની ચૂકવણી કરી શકે છે.
iii. ચેક: ગ્રાહક આઇડીએફસી ફર્સ્ટ બેન્કની શાખાઓમાં ઉપલબ્ધ ડ્રોપ બોક્સમાં ચેક નાંખીને ક્રેડિટ કાર્ડની બાકી રકમની ચૂકવણી કરી શકે છે. ચેક/ ડીડી 16 અંકોના આઇડીએફસી ફર્સ્ટ બેન્ક ક્રેડિટ કાર્ડ નંબરની તરફેણમાં લખી શકાય છે, જેમ કે ‘‘આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડ XXXXXXXXXXXXXXXX‘‘
iv. રોકડ ચૂકવણી: કાર્ડસભ્ય આઇડીએફસી ફર્સ્ટ બેન્કની શાખાઓ ઉપર રોકડ ચૂકવણી કરીને ક્રેડિટ કાર્ડની બાકી રકમ ચૂકવી શકે છે.
v. સ્થાયી સૂચનાઓ: કાર્ડસભ્ય તેની/તેણીની આઇડીએફસી ફર્સ્ટ બેન્ક એકાઉન્ટમાંથી ટીએડી અને એમએડી માટે સ્થાયી સૂચનાઓ નિર્ધારિત કરી શકે છે.
vi. યુપીઆઇ ક્યુઆર: કાર્ડસભ્ય યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ) ચૂકવણી આધારિત ક્યુઆર-કોડ આધારિત ચૂકવણી કરવા માટે સ્કેનનો ઉપયોગ કરી શકે છે.
vii. યુપીઆઇ: કાર્ડસભ્યો કોઇપણ યુપીઆઇ સંચાલિત એપ મારફતે ચૂકવણી કરી શકે છે.
viii. પેમેન્ટ ગેટવે: કાર્ડસભ્ય પેમેન્ટ ગેટવે ફંડ ટ્રાન્સફર મારફતે ચૂકવણી કરી શકે છે.
ix. બેન્ક વેબસાઇટ ઉપર ચૂકવણીની પદ્ધતિઓમાં સુધારા થકી નોટિસ આપીને ઉપરોક્ત કોઇપણ ચૂકવણીની પદ્ધતિઓ પરત ખેંચી શકાય છે / અન્ય ચૂકવણીની પદ્ધતિઓ રજૂ કરી શકાય છે.

## 8. બિલ સંબંધિત વિવાદો

જો કાર્ડસભ્ય સ્ટેટમેન્ટની તારીખથી 30 દિવસની અંદર અને વ્યવહારની તારીખથી 60 દિવસથી વધારે મોડું ન થાય તે રીતે વિસંગતતા અંગે આઇડીએફસી ફર્સ્ટ બેન્કને લેખિતમાં જાણ ન કરે તો સ્ટેટમેન્ટની તમામ વિગતો સાચી અને સ્વીકાર્ય હોવાનું અનુમાન કરવામાં આવશે. બિલ સંબંધિત વિવાદો / વિસંગતતાઓના પ્રસંગે, બેન્ક તપાસ હાથ ધરશે અને આવા વ્યવહારોની જવાબદારીની ખાતરી કરશે. કેટલાક ચોક્કસ વિવાદો માટે બેન્ક પોતાની વિવેકબુદ્ધી પર તપાસના સમયગાળા દરમિયાન કામચલાઉ રીતે રકમ જમા આપી શકે છે, જે તપાસના પરિણામને આધીન લાગુ પડતાં ચાર્જિસની (ચાર્જિસની અનુસૂચીમાં દર્શાવ્યાં મુજબ) સાથે રિવર્સ કરી શકાય છે. ફી અને ચાર્જિસ / વ્યાજ સંબંધિત કોઇ વિવાદ ઉપર લગાવવામાં આવેલા જીએસટીને રિવર્સ કરવામાં આવશે નહીં.

## 9. સંપર્ક વિગતો

કાર્ડસભ્ય નીચે પૈકી કોઇપણ રીતોએ આઇડીએફસી ફર્સ્ટ બેન્કનો સંપર્ક કરી શકે છે:

i. 24X7 ગ્રાહક હેલ્પલાઇન નંબર @1860 500 1111 ઉપર કોલ કરીને.

ii. આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ,
ક્રેડિટ કાર્ડ અને સંલગ્ન સેવા પ્રભાગ,
4થો માળ, યુનિટ નં.402, પ્લોટ નં. Gen/2/1/એફ,
માઈન્ડસ્પેસ ટાવર, ટીસીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, એમઆઈડીસી શિરવણે,
જુઈ નગર, નવી મુંબઈ, રાયગઢ, મહારાષ્ટ્ર, 400 706 ઉપર અમને પત્રવ્યવહાર કરીને.

iii. creditcard@idfcfirstbank.com ઉપર ઈમેલ કરીને.

iv. નેટબેન્કિંગ / મોબાઈલ એપ્લિકેશન દ્વારા પૂછપરછ અને અમારો સંપર્ક કરો વિકલ્પ મારફતે અમારો સંપર્ક કરો.

## 10. ફરિયાદ નિવારણ

જો તમે સંપર્ક માધ્યમો તરફથી પ્રાપ્ત થયેલા પ્રતિભાવથી સંતુષ્ટ ન હોવ તો તમે નીચે આપેલી રીતોએ હેડ/ સિનિયર કસ્ટમર કેરનો સંપર્ક કરીને તમારી ફરિયાદને ઊચ્ચ સ્તરે લઈ જઈ શકો છો. તમે head.customerserviceidfcfirstbank.com પર ઈમેલ અથવા તમામ 7 દિવસ સવારે 9.30 થી સાંજે 6.00 વાગ્યા સુધી @1800 209 9771 (ટોલ ફ્રી) પર કોલ કરી શકો છો. તમારી ફરિયાદને હજુ વધુ ઊચ્ચ કક્ષાએ મોકલવા માટે, તમે ફરિયાદની તપાસ માટે અને તેનો તટસ્થ ઉકેલ મેળવવા માટે અમારા પ્રિન્સિપલ નોડલ ઓફિસર (શ્રીમતિ ટી અરોરા, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. બિલ્ડિંગ નં.2, રાહેજા માઈન્ડસ્પેસ, એમઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, શિરવણે, જુઈનગર, નેરુલ, નવી મુંબઈ – 400706, મહારાષ્ટ્ર, ભારત, લેન્ડમાર્કઃ રાહેજા યુનિવર્સલ અથવા હોન્ડા સર્વિસ સેન્ટર)નો સંપર્ક સાધી શકો છો. તમે PNO@idfcfirstbank.com પર ઈમેલ મોકલીને અથવા તમામ 7 દિવસ સવારે 9.30થી સાંજે 6.00 વાગ્યા સુધી 1800 209 9771 (ટોલ ફ્રી) પર કોલ કરી શકો છો.
કૃપા કરીને અમારા તરફથી પ્રતિભાવ પ્રાપ્ત થયાના 30 દિવસોની અંદર તમારી ફરિયાદ ઊચ્ચ કક્ષાએ મોકલો અને તમારા સર્વિસ રિક્વેસ્ટ નંબરનો ઉલ્લેખ કરો.
જો કાર્ડસભ્ય ઉપરોક્ત ઉલ્લેખ કરેલા માધ્યમો પર ફરિયાદ નોંધવવાની તારીખથી એક મહિનાની અંદર કોઈ પ્રતિભાવ પ્રાપ્ત ન કરે, અથવા જો કાર્ડસભ્ય આપવામાં આવેલા પ્રતિભાવથી અસંતુષ્ટ હોય તો તે/તેણી સ્વતંત્ર સમીક્ષા માટે બેન્કિંગ લોકપાલને લખી શકે છે. વધુ વિગતો www.idfcfirstbank.comના ફરિયાદ નિવારણ વેબ પેજ ઉપર ઉપલબ્ધ છે. તમારા સ્થાન માટે બેન્કિંગ લોકપાલની વિગતો શાખાઓ ખાતે પણ પ્રદર્શિત કરવામાં આવેલી છે.
અસફળ / નિષ્ફળ વ્યવહારો, ફરિયાદના નિવારણમાં વિલંબ અને એકાઉન્ટ બંધ કરાવવામાં / નિષ્ફળ વ્યવહારોમાં વિલંબ, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક ઉપર દર્શાવેલી ગ્રાહક વળતર નીતિ અને ફરિયાદ નિવારણ નીતિમાં વળતરના માળખામાં નિર્ધારિત કર્યા મુજબ લાગુ પડશે.

## 11. પૂર્વાધિકાર

i. બેન્ક કોઈપણ સમયે અને નોટિસ વગર આઈડીએફસી ફર્સ્ટ બેન્કના કાર્ડસભ્ય અને/અથવા એડ–ઑન કાર્ડસભ્ય / ગ્રાહક સાથે સંબંધિત બેન્કના કોઈ ખાતા/ સુવિધા/ કબજામાં જમા રહેલા તમામ નાણાં ઉપર પૂર્વાધિકાર અને તેને સરભર કરવાનો અધિકાર ધરાવશે, જો બેન્ક દ્વારા માગણી કરવામાં આવેલી અથવા કોઈ એકાઉન્ટ/ સુવિધા/ બેન્કના કબજામાં રહેલી અથવા અન્યથા બાકી નિકળતી રકમ નિર્ધારિત કરેલા સમયની અંદર કાર્ડ એકાઉન્ટ અથવા કોઈ ધીરાણ સુવિધાની ઉપર બાકી રહેલી રકમની પુનઃચૂકવણી કરવામાં ન આવે.

ii. વ્યવહાર માટે જરૂરી પોઈન્ટ્સ ઉપલબ્ધ રિવોર્ડ પોઈન્ટ્સ બેલેન્સથી ઓછા હોય તે કિસ્સામાં રિડમ્પ્શનને સરભર કરતી વખતે, બેન્ક ગ્રાહકના કાર્ડ / એકાઉન્ટમાં તફાવતની રકમ ઉધાર કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

## 12. ડિફોલ્ટ

જો કાર્ડસભ્ય બિલિંગ સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવેલી તારીખ સુધીમાં લઘુત્તમ ચૂકવવાપાત્ર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહે છે તો તેને ચૂકવણીમાં કસૂર માનવામાં આવશે. કાર્ડસભ્યે ચાર્જિસની અનુસૂચીમાં દર્શાવ્યાં મુજબ વિલંબિત ચૂકવણી ચાર્જિસ, ફાઈનાન્સ ચાર્જિસ અને અન્ય લાગુ પડતાં ચાર્જિસ ચૂકવવાની કરવાની રહેશે. કાર્ડને ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ) દ્વારા અધિકૃત ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપની (સીઆઈસી)ને આપવામાં આવતી માસિક માહિતીમાં ચૂકવણી કરવામાં કસૂર કરનાર તરીકે નોંધાવવામાં આવશે. ચૂકવણીની અંતિમ તારીખ અને બિલિંગ સ્ટેટમેન્ટ ઉપર સૂચિત કરેલી બિલિંગ તારીખ વચ્ચેના સમયગાળાને કાર્ડસભ્યને કસૂરકર્તા તરીકે નોંધાવવા માટે નોટિસ સમયગાળા તરીકે ગણવામાં આવશે. ક્રેડિટ કાર્ડ સુવિધાઓને નિયંત્રિત કરતી શરતો અને નિયમો એડ–ઑન કાર્ડસભ્યને પણ લાગુ પડશે. કસૂરના પ્રસંગે, કાર્ડસભ્યને પત્ર, ફેક્સ, ટેલિફોન, ઈમેલ, એસએમએસ સંદેશ અને/અથવા સ્મૃતિ કરાવા, ફોલો અપ અને બાકી રકમ મેળવવા ત્રાહિત પક્ષકારોને રોકીને કાર્ડ એકાઉન્ટ ઉપર કોઈ બાકી રકમ સરભર કરવા માટે સમયાંતરે સ્મૃતિઓ મોકલવામાં આવશે. આવી રીતે નિમવામાં આવેલા કોઈપણ ત્રાહિત પક્ષકાર, દેવા વસૂલાત ઉપર આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરશે. અધિકૃત સંસ્થાઓ મારફતે રોકાયેલા બેન્કના ગ્રાહક સહાયતા વિશેષજ્ઞો બાકી ચૂકવવાપાત્ર રકમ અંગે સ્મૃતિ કરાવવા માટે કાર્ડસભ્યને સંપર્ક કરી શકે છે. જો બેન્ક

કાર્ડસભ્યનો સંપર્ક કરવા માટે સક્ષમ ન હોય તો રહેણાંક / ઑફિસ / ફોન પર ઉપલબ્ધ કાર્ડસભ્યને જીવનસાથી / માતાપિતા/ અન્ય પ્રત્યક્ષ પુખ્ત પરિવારના સભ્ય/ સંબંધી/ સેક્રેટરી/ એકાઉન્ટન્ટ/ સાથી કર્મચારી/ અન્ય કોઇ જ્ઞાત વ્યક્તિ જેવા ત્રાહિત પક્ષકારને માહિતી આપી શકાશે.

કાર્ડસભ્યના કોઇ કસૂર કરવાના પ્રસંગે, બેન્ક એકમાત્ર પોતાની વિવેકબુદ્ધી પર નીચે આપેલી બાબતો માટે અધિકૃત ગણાશેઃ

ક) કાર્ડસભ્યની તમામ ક્રેડિટ કાર્ડ સુવિધાઓ પરત ખેંચી લેવા.

ખ) કાર્ડસભ્યની તેના કાર્ડ ઉપર રહેલી તમામ બાકી નિકળતી રકમની તાત્કાલિક ચૂકવણી કરવા માટે જણાવવા.

ગ) બેન્ક સાથે કાર્ડસભ્યની નામ પર જાળવવામાં આવતાં તમામ નાણાં / ડિપોઝિટ / એકાઉન્ટ સામે બાકી નિકળતી રકમ પર ધારણાધિકાર અને તેને સરભર કરવાના અધિકાર અમલમાં મુકવા.

કસૂર અંગે અહેવાલ પરત ખેંચવાની પ્રક્રિયા અને સમયગાળો જેની અંદર કસૂર અહેવાલ પરત ખેંચવામાં આવશે તે કાર્યવાહી બાકી નિકળતી રકમ સરભર કર્યા પછી હાથ ધરાશે.

કાર્ડસભ્યના મૃત્યુ અથવા કાયમી અપંગતતાના પ્રસંગે બેન્ક કોઇ લાગુ પડતા વીમા કવચ અથવા કાર્ડસભ્યના વારસદારો/ અમલકર્તાઓ/ વહીવટકર્તાઓ પાસેથી કાર્ડની બાકી નિકળતી રકમ વસૂલ કરવા સહિત કોઇ કાર્ડ એકાઉન્ટની બાકી નિકળતી રકમ બેન્ક પોતાની વિવેકબુદ્ધી પર કાયદા અને ન્યાયોચિત જોગવાઇ હેઠળ ઉપલબ્ધ તમામ વિકલ્પોનો ઉપયોગ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

બેન્કનું બ્યૂરો રિપોર્ટીંગ માસિક ધોરણે હાથ ધરવામાં આવે છે. ચોક્કસ મહિનામાં કસૂરકર્તા તરીકે નોંધાવવામાં આવ્યાં પર કોઇ બાકી રહેતી ચૂકવણીની રકમ સરભર કરવા પર, બેન્ક દ્વારા તેની અદ્યતન સ્થિતિ આગામી જમા કરવામાં આવતાં અહેવાલમાં હાથ ધરવામાં આવશે.

## 13. કાર્ડ મેમ્બરશિપની સમાપ્તિ/ પરત ખેંચવી/ ટ્રાન્સફર કરવી

i. કાર્ડસભ્ય કોઇપણ સમયે banker@idfcfirstbank.com પર લખીને અથવા હેલ્પલાઇન નંબર 1860 500 1111 ઉપર કોલ કરીને આઇડીએફસી ફર્સ્ટ બેન્ક સાથે કાર્ડ મેમ્બરશિપ સમાપ્ત કરી શકે છે. કાર્ડનો દૂરૂપયોગ ટાળવા માટે, તેવી સલાહ આપવામાં આવે છે કે હોલોગ્રામ, ઇએમવી ચિપ અને મેગ્નેટિક સ્ટ્રિપ કાયમી ધોરણે નાશ કરવામાં આવે તેની ખાતરી કરીને કાર્ડને અનેક ટૂકડાઓમાં કાપીને તેનો નાશ કરવામાં આવે. કાર્ડ ઉપર બાકી રહેતી ચૂકવણી રકમ અને લોન / ક્રેડિટ કાર્ડ સાથે સંલગ્ન ઇએમઆઇ સુવિધા તાત્કાલિક ધોરણે ચૂકવવાપાત્ર બની જશે. કાર્ડ મેમ્બરશિપની સમાપ્તિ માત્ર ત્યારે જ પ્રભાવી બનશે જ્યારે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કથિત કાર્ડ એકાઉન્ટના સંદર્ભમાં તમામ ચૂકવવાપાત્ર રકમો અને બાકી રહેલી રકમની ચૂકવણી પ્રાપ્ત કરે છે. જોકે વાર્ષિક, જોઇનિંગ, રિન્યુઅલ ફી અથવા બિલમાં સમાવેશ કરવામાં આવેલા કોઇ અન્ય ચાર્જિસ પરત કરવામાં આવશે નહીં.

ii. જો આઇડીએફસી બેન્કના ધ્યાન પર કાર્ડના ઉપયોગમાં અસાધારણ અથવા અસામાન્ય ટ્રાન્ઝેક્શન વલણ આવશે તો બેન્ક કાર્ડ પર કરવામાં આવેલો વ્યવહાર પ્રામાણિક ધોરણે કરવામાં આવેલો છે કે નહીં તેની ખાતરી કરવા માટે તેના રેકોર્ડ ઉપર ઉપલબ્ધ ગ્રાહકના નોંધાયેલા ફોન નંબર ઉપર ગ્રાહક સાથે સંપર્ક સ્પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરશે. જોકે ગ્રાહક સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવાની બેન્કના પક્ષે નિષ્ફળતા પર, જો બેન્કનું વ્યાજબીપણે માનવું હોય કે કાર્ડસભ્યના હિતમાં અને સુરક્ષાના કારણોસર તેમ કરવું આવશ્યક છે તો બેન્ક કોઇ વધુ નોટિસ આપ્યાં વગર કાર્ડનો ઉપયોગ નિયંત્રિત/સમાપ્ત કરી શકે છે.

iii. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક જો તેવું માને કે વ્યવસાય અથવા સુરક્ષાના કારણોસર તેમ કરવું જરૂરી છે તો તે પૂર્વ નોટિસ વગર કોઇપણ સમયે કાર્ડનો ઉપયોગ સમાપ્ત પણ કરી શકે છે, જેમાં ચૂકવણીઓમાં વિલંબ, ક્રેડિટ લિમિટ કરતાં વધારે વપરાશ, પરત થયેલો ચેક, ક્રેડિટ કાર્ડનો અયોગ્ય ઉપયોગ (વિદેશી વિનિમય ટ્રેડિંગ, વેપારના ઉપયોગ વગેરે), કાર્ડ અરજી સાથે અથવા અન્યથા આપવામાં આવેલી ગેરમાર્ગે દોરતી અથવા ખોટી માહિતી/દસ્તાવેજો, બેન્કની/આરબીઆઇની તમારા ગ્રાહકને જાણો (કેવાયસી) / એન્ટી–મની લોન્ડરિંગ (એએમએલ)/ નાણાકીય ત્રાસવાદ વિરુદ્ધ લડત (સીએફટી) માર્ગદર્શિકાઓ હેઠળ જરૂરી બની શકે તેવા તથા સંબંધિત કાયદાઓ/નિયમનો (ઓળખ દસ્તાવેજો સહિત) જરૂરી માહિતી અથવા દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળતા સહિત પરંતુ તેટલા પૂરતાં મર્યાદિત ન રહે તેવી બાબતોનો સમાવેશ થઇ શકે છે.

iv. ક્રેડિટ કાર્ડની નિયમનકારી માર્ગદર્શિકાઓ, આઇડીએફસી ફર્સ્ટ બેન્કના નિયમો અને શરતો તથા લાગુ પડતી નીતિઓ અનુસાર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે સુનિશ્ચિત કરવા માટે, બેન્ક એક સ્ટેટમેન્ટ સાઇકલમાં મંજૂર થયેલી લિમિટ ઉપરાંત ક્રેડિટ લિમિટના વધુ પડતો ઉપયોગ, કેટલાક પસંદગીના વેપારીઓ પર અસામાન્ય અથવા વધારે પડતો ઉપયોગ, સંભવતઃ વેપારી સાથે સાંઠગાંઠ રચીને અને/અથવા બિન–વ્યક્તિગત/વેપાર સંબંધિત જરૂરિયાતો માટે ઉપયોગ, વધારાના રિવોર્ડ પોઇન્ટ્સ એકત્રિત કરવા/ કેશબેક/ અન્ય લાભો માટે સુવિધાઓ/ ઑફર્સ/

માટે ઉપયોગ, વધારાના રિવોર્ડ પોઇન્ટ્સ એકત્રિત કરવા/ કેશબેક/ અન્ય લાભો માટે સુવિધાઓ/ ઑફર્સ/ પ્રોગ્રામનો વધારે પડતો ઉપયોગ / દુરૂપયોગ તપાસવા માટે ક્રેડિટ કાર્ડ ઉપયોગ ઉપર સમયાંતર તપાસ હાથ ધરવાનો અધિકાર ધરાવે છે. ઉપયોગના વલણના આધારે, જો બેન્ક દ્વારા આમાંની કોઇપણ બાબત શંકાસ્પદ જણાશે તો બેન્ક ક્રેડિટ કાર્ડ ઉપર નિયંત્રણાત્મક કાર્યવાહી હાથ ધરી શકે છે. આવી કાર્યવાહી તાત્કાલિક અસરથી અને સુવિધા / લાભો પાછા ખેંચવાની સાથે સાથે ક્રેડિટ કાર્ડની માન્યતા સંપૂર્ણપણે સમાપ્ત કરવા સહિત પરંતુ તેટલા પૂરતી મર્યાદિત ન હોય તે રીતે હોઇ શકે છે. જો બેન્ક દ્વારા આવી કોઇપણ કાર્યવાહી હાથ ધરવામાં આવે તો બેન્ક યોગ્ય ગણે તેવા ક્રેડિટ કાર્ડ અને તેની સાથે સંલગ્ન સુવિધાઓ/લાભો પુનઃસ્થાપિત કરવા માટે શુદ્ધબુદ્ધીપૂર્વક તેનો વપરાશ કર્યો હોવાનો સંતોષકારક પુરાવો પૂરો પાડવાની જવાબદારી ગ્રાહક ઉપર રહેશે.

v. કાર્ડસભ્યનું મૃત્યુ અથવા અસક્ષમતા કાર્ડસભ્યની સાથે સાથે કોઇ એડ-ઑન કાર્ડસભ્યોને જારી કરવામાં આવેલા ક્રેડિટ કાર્ડની આપમેળે સમાપ્તિ કરશે. કોઇ સરકાર/ નિયમનકારી સંસ્થા તરફથી નિર્દેશો મળવાથી પણ ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ મોકૂફ થવાને પાત્ર બની શકે છે. ક્રેડિટ કાર્ડ ઉપર બાકી રહેલી તમામ રકમો જે-તે કિસ્સા અનુસાર મૃત્યુ અથવા અસક્ષમતાના પ્રસંગે તાત્કાલિક ધોરણે ચૂકવવાપાત્ર બની જશે, આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કોઇ લાગુ પડતાં વીમા કવચ અથવા કાર્ડસભ્યના વારસદારો / અમલકર્તાઓ/ વહીવટકર્તાઓ તરફથી કાર્ડની બાકી નિકળતી રકમ વસૂલવા સહિત કોઇ કાર્ડ એકાઉન્ટની બાકી નિકળતી રકમ વસૂલ કરવા માટે પોતાની વિવેકબુદ્ધી પર કાયદા અને ન્યાયોચિત જોગવાઇ હેઠળ ઉપલબ્ધ તમામ વિકલ્પો અપનાવવાનો અધિકાર અબાધિત રાખે છે.

vi. જો કાર્ડસભ્ય (સભ્યો)નું ક્રેડિટ કાર્ડ ક્યારેય વાપરવામાં ન આવ્યું હોય અથવા 365 દિવસોથી વધારે સમય વાપરવામાં ન આવે તો જ્યાં સુધી 30 દિવસોના સમયગાળાની અંદર કાર્ડ મેમ્બરશિપ ચાલુ રાખવા માટે સ્પષ્ટ સંમતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેની સાથે જોડાયેલા તમામ લાભો પાછા ખેંચવામાં અથવા કાર્ડ બંધ કરવામાં આવી શકે છે. આવા કાર્ડસભ્યો (સભ્યો)ને આવા લાભો પાછા ખેંચવા માટે પૂર્વ નોટિસ આપવામાં આવશે.

vii. કાર્ડની સેવા સમાપ્તિ/ કેન્સલેશન/ પરત ખેંચવાના કોઇપણ સંજોગો હેઠળ, બાકી નિકળતી ચૂકવવાપાત્ર રકમ અને ક્રેડિટ કાર્ડ સાથે સંલગ્ન લોન / ઇએમઆઇ સુવિધાઓ તાત્કાલિક ધોરણે ચૂકવવાપાત્ર બનશે. બાકી નિકળતી રકમમાં તમામ વ્યવહારો અને એકાઉન્ટમાં હજુ સુધી ઉધારવામાં નહીં આવેલી અન્ય રકમો સહિત, સમજૂતી હેઠળ આઇડીએફસી ફર્સ્ટ બેન્કને ચૂકવવાપાત્ર બનેલી તમામ રકમોનો સમાવેશ થશે. કાર્ડસભ્ય કાર્ડ એકાઉન્ટની સમાપ્તિ પછી પણ વાસ્તવિક બાકી નિકળતી રકમ દર્શાવતું માસિક સ્ટેટમેન્ટ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખી શકે છે.

viii. ઉપરોક્ત બાબતો સિવાય એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડ જારી કરવું / તેની સેવાની સમાપ્તિ એમ્પ્લોઇ ક્રેડિટ કાર્ડની સુવિધાઓ અને બેન્ક ઇન્ટ્રાનેટ પોર્ટલ ઉપર આપવામાં આવેલી માહિતી દ્વારા નિયંત્રિત થાય છે.

## 14. કાર્ડ ગૂમ થવું / ચોરાઇ જવું / દૂરૂપયોગ થવો

i. કાર્ડ ગૂમ થઇ જવા, ચોરાઇ જવા, દૂરૂપયોગ, વિકૃત થઇ જવા, જ્યારે કાર્ડ સમયમર્યાદામાં પ્રાપ્ત ન થાય, જો કાર્ડસભ્યને શંકા જાય કે તેમના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ તેની/તેણીની પરવાનગી વગર કરવામાં આવી રહ્યો છે અથવા જો કોઇ અન્ય વ્યક્તિ કાર્ડનો પીન અથવા અન્ય સુરક્ષા માહિતીની જાણકારી ધરાવે છે તેવા પ્રસંગે કાર્ડસભ્યે 24-કલાક કાર્યરત નંબર 1860 500 1111 ઉપર કોલ કરીને તાત્કાલિક ધોરણે આઇડીએફસી ફર્સ્ટ બેન્કનો સંપર્ક કરવો જોઇએ. કાર્ડસભ્યને સ્થાનિક પોલીસ સ્ટેશન પર એફઆઇઆર નોંધાવવાની સલાહ આપવામાં આવે છે જેથી કાર્ડસભ્ય જ્યારે બેન્ક દ્વારા વિનંતી કરવામાં આવે ત્યારે તેની નકલ રજૂ કરી શકે.

બેન્કની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ ગ્રાહક વળતર નીતિમાં સમાવિષ્ટ કરવામાં આવેલી જોગવાઇઓ અનુસાર જાણકારી આપવામાં કોઇ વિલંબના કિસ્સામાં જવાબદારી નક્કી કરવામાં આવશે.

ii. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડ ગૂમ થયાની જાણ કર્યા પહેલા કાર્ડ એકાઉન્ટ ઉપર હાથ ધરાયેલા કોઇ વ્યવહાર માટે જવાબદાર અથવા ઉત્તરદાયી નથી, અને તેના માટે કાર્ડસભ્ય સંપૂર્ણપણે જવાબદાર રહેશે. જો કાર્ડસભ્ય વ્યાજબી સંભાળ વગર કાર્યવાહી કરે તો કાર્ડસભ્ય તેમને ઉદભવેલા નુકસાનો માટે જવાબદાર બની શકે છે.

iv. જ્યારે કોઇ રકમ વેપારી/સભ્ય બેન્ક દ્વારા વસૂલાત માટે રજૂ કરવામાં આવે, જે ગ્રાહક દ્વારા નિર્ધારિત સમયમાં ચૂકવવાપાત્ર બને, ભલે તે વિવાદાસ્પદ હોય કે નહીં, તેવા પ્રસંગે કાર્ડસભ્ય ગ્રાહકને લાગુ પડતી બિલિંગ સાઇકલ અનુસાર બેન્કને ચૂકવણી કરવા માટે જવાબદાર છે. આ ઉપરાંત, જ્યારે આઇડીએફસી ફર્સ્ટ બેન્કે કોઇ ચૂકવણી કરી હોય ત્યારે બેન્ક ગ્રાહક પાસેથી આ કથિત રકમ વસૂલવા માટે અધિકાર ધરાવે છે. વધુમાં, જ્યારે કોઇ રકમ વિવાદ હેઠળ

હોય ત્યારે ગ્રાહકે બિલિંગ સાઇકલ અનુસાર તેની ચૂકવણી કરવાની રહેશે અને તે આ વિવાદના ઉકેલ/પરિણામ માટે રાહ જોશે નહીં. આઇડીએફસી બેન્કની વસૂલાત કરવાનો આ કથિત અધિકાર અને ચૂકવણી કરવા માટે ગ્રાહકની જવાબદારી માન્ય ગણાશે અને ચાલુ રહેશે ભલે ગ્રાહકના બેન્ક સાથેના પ્રવર્તમાન સંબંધોનો અંત આવ્યો હોય અને/અથવા કાર્ડ ગમે તે કોઈપણ કારણોસર મોકૂફ/બંધ કરવામાં આવેલું હોય.

v. ક્રેડિટ કાર્ડના ઉપયોગ માટે કાર્ડસભ્યને જારી કરાયેલા પીન (વ્યક્તિગત ઓળખ નંબર) અથવા પીન તરીકે કાર્ડસભ્ય દ્વારા પસંદ કરવામાં આવેલો કોઇ નંબર માત્ર કાર્ડસભ્યની જ જાણકારીમાં હોવો જોઇએ. તે કાર્ડસભ્યના વ્યક્તિગત વપરાશ માટે છે અને તે બિન-હસ્તાંતરણીય અને ચુસ્તપણે ગોપનીય છે. પીનની લેખિત નોંધ કોઈપણ સ્વરૂપ, સ્થળ અથવા પદ્ધતિએ રાખવી ન જોઇએ, જે ત્રાહિત પક્ષકારને તેના ઉપયોગ માટે સુવિધા પૂરી પાડી શકે. પીનનની જાણકારી સ્વૈચ્છિક રીતે અથવા અન્યથા કોઈપણ સંજોગો અને કોઈપણ સાધનો હેઠળ કોઇ ત્રાહિત પક્ષકાર, આઇડીએફસી ફર્સ્ટ બેન્કના કર્મચારી અથવા વેપારી સંસ્થાઓને પૂરી પાડવી જોઇએ નહીં. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક અને/અથવા તેનો સ્ટાફ/કર્મચારીઓ કાર્ડસભ્ય દ્વારા પીનનની ગોપનીયતાના કોઇ ઉલ્લંઘન માટે જવાબદાર અથવા ઉત્તરદાયી રહેશે નહીં.

vi. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડસભ્યના હિતનું રક્ષણ કરવા માટે અને કાર્ડ એકાઉન્ટનો કોઈપણ રીતે દૂરૂપયોગ ટાળવા માટે શંકાસ્પદ ગોપનીયતાના ઉલ્લંઘનના જોખમના આધારે ક્રેડિટ કાર્ડને બ્લોક કરવાનો અધિકાર અબાધિત રાખે છે. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડસભ્ય અને કોઇ એડ-ઑન કાર્ડસભ્યની જાણકારીમાં લાવ્યાં વગર પોલીસ અથવા અન્ય સંબંધિત સત્તામંડળને કોઈપણ માહિતી આપી શકે છે, જે પોતે બેન્ક કાર્ડ અથવા પીન ગૂમ થવા, ચોરાઇ જવા અથવા દૂરૂપયોગ થવા અંગે સુસંગત ગણાતી હોય.

vii. એકવખત કાર્ડની ગૂમ થયા અંગે જાણકારી આપ્યાં બાદ જો તે કાર્ડ કાર્ડસભ્યને મળી આવે તો તેનો કોઈપણ સંજોગો હેઠળ ઉપયોગ કરવો જોઇએ નહીં. જો મળે તો કૃપા કરીને હોલોગ્રામ, ઇએમવી ચિપ અને મેગ્નેટિક સ્ટ્રિપ કાયમી ધોરણે નાશ કરવામાં આવે તેની ખાતરી કરીને કાર્ડને અનેક ટૂકડાઓમાં કાપીને તેનો નાશ કરો. એડ-ઑન કાર્ડ પ્રાઇમરી કાર્ડ એકાઉન્ટ ઉપર પૂરી પાડવામાં આવેલી વિસ્તૃત સુવિધા હોવાથી, જ્યારે પ્રાઇમરી કાર્ડના ગૂમ થવા અંગે જાણકારી આપવામાં આવી હોય ત્યારે એડ-ઑન કાર્ડ અમાન્ય બની જાય છે. આજ રીતે, જો એડ-ઑન કાર્ડની ગૂમ થયા અંગે જાણકારી આપવામાં આવી હોય ત્યારે પ્રાઇમરી કાર્ડ એકાઉન્ટ અને અન્ય એડ-ઑન કાર્ડ અમાન્ય બની જાય છે.

## 15. જાહેર ખુલાસો

i. આઇડીએફસી ફર્સ્ટ બેન્કે આરબીઆઇ દ્વારા અધિકૃત ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ (સીઆઇસી) સાથે જોડાણ કર્યુ છે અને ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપની (રેગ્યુલેશન) એક્ટ, 2005 અનુસાર માસિક ધોરણે આ સંગઠનોને ભૌગોલિક વિગતો સહિત વર્તમાન બેલેન્સ, ક્રેડિટ કાર્ડ સાથે સંલગ્ન લોન/ઇએમઆઇ સુવિધાઓ (જો મેળવી હોય તો), ક્રેડિટ કાર્ડ/લોન ઉપર બાકી રહેતી ચૂકવવાપાત્ર રકમ, પેમેન્ટ હિસ્ટ્રી વગેરે સહિત પરંતુ તેટલા પૂરતી મર્યાદિત ન રહે તેવી ક્રેડિટ માહિતીનું આદાન-પ્રદાન કરશે. સીઆઇસી માત્ર ક્રેડિટ માહિતી અંગે હકીકતલક્ષી માહિતી પૂરી પાડે છે અને ક્રેડિટ મંજૂર કરવી જોઇએ કે મંજૂર ન કરવી જોઇએ તે સંબંધિત કોઇ અભિપ્રાય, સૂચન અથવા ટિપ્પણી પૂરી પાડતું નથી. કાર્ડસભ્યના તે શ્રેષ્ઠ હિતમાં છે કે તે જરૂરી ચૂકવવાપાત્ર રકમ સમયસર ભરપાઇ કરીને સારી ક્રેડિટ હિસ્ટ્રી જાળવી રાખે. ચૂકવણીમાં કસૂરની વિગતો સીઆઇસીને ઉપલબ્ધ બનશે, જે કાર્ડસભ્યની ક્રેડિટ લેવાની શાખને પ્રભાવિત કરી શકે છે.

ii. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કાર્ડસભ્યે ઉઠાવેલા બિલિંગ વિવાદના પ્રસંગે જેની બેન્ક દ્વારા અગાઉ અમાન્ય વિવાદ તરીકે સ્પષ્ટતા કરવામાં આવી હોય અથવા બેન્ક દ્વારા નિર્ધારિત કરેલી અંતિમ તારીખ પછી કાર્ડસભ્યે દ્વારા ઉઠાવેલા વિવાદ અને/અથવા સુરક્ષિત વ્યવહારના સંદર્ભમાં વિવાદ જ્યારે પીન અથવા વન ટાઇમ પાસવર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા પ્રસંગોમાં પણ સીઆઇસીને કસૂરકર્તા ગ્રાહકો અંગે જાણકારી આપવાનો તેનો અધિકાર અબાધિત રાખે છે.

iii. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક વૈધાનિક સંસ્થાઓને જરૂર હોય તે મુજબ કાર્ડ એકાઉન્ટની વિગતો પૂરી પાડશે. જો કાર્ડસભ્યે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક અને તેના પાર્ટનર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતાં કો-બ્રાન્ડ કાર્ડ પ્રાપ્ત કર્યા હોય તો રિવોર્ડ પ્રોગ્રામના અમલીકરણ, પોર્ટફોલિયો સ્ટેટસ્ટિકલ એનાલિસિસ વગેરે માટે જરૂરી હોય તેવી પરંતુ તેટલા પૂરતી મર્યાદિત નહીં તેવી આવશ્યક માહિતી કો-બ્રાન્ડ પાર્ટનરને પૂરી પાડશે.

iv. અમે કાર્ડસભ્યને વધુમાં જાણકારી આપવા માંગીએ છીએ કે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક એકમાત્ર પોતાની વિવેકબુદ્ધી પર કાર્ડસભ્ય અને બેન્કના પ્રતિનિધીઓની વચ્ચે ફરિયાદ-સંબંધિત વાતચીત અથવા ચૂકવણી-વસૂલાત સંબંધિત વાતચીત અથવા બેન્ક ઉચિત ગણાતી હોય તેવી અન્ય કોઇ વાતચીતના કિસ્સાઓમાં ચોક્કસ વાતચીત રેકોર્ડ કરશે.

v. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક વધુમાં લાગુ પડતાં નિયમનકારી નિર્દેશનો સાથે સુસંગત રીતે એકમાત્ર પોતાની વિવેકબુદ્ધી પર ભારતમાં અથવા વિદેશમાં આવેલા અને ભલે આઇડીએફસી બેન્ક જૂથનું એકમ હોય કે ત્રાહિત પક્ષકારને આઇડીએફસી ફર્સ્ટ બેન્ક દ્વારા નિયુક્ત થયેલા કોઇ સેવા પ્રદાતાને ક્રેડિટ કાર્ડ કામગીરીઓ સંબંધિત કોઇપણ પ્રવૃતિઓ સુપરત કરવાનો અધિકાર અબાધિત રાખે છે. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક કોઇ ચોક્કસ સંમતિ વગર ક્રેડિટ કાર્ડ કામગીરીઓ સંબંધિત કોઇ પ્રવૃતિઓ માટે આવા સેવા પ્રદાતાઓને કાર્ડસભ્ય/ એડ-ઑન કાર્ડસભ્ય એકાઉન્ટ/ અરજીની વિગતો પૂરી પાડી શકે / આદાન-પ્રદાન કરી શકે છે. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક/ ગ્રૂપ કંપનીઓ ફોટોગ્રાફ સહિત અરજી ફોર્મ અને તેની સાથે પૂરા પાડેલા દસ્તાવેજો જાળવી રાખવાનો અધિકાર અબાધિત રાખે છે, અને તેને પરત કરાશે નહીં.

vi. સમયાંતરે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક વિવિધ પ્રોડક્ટ્સ / ફિચર્સ/ પ્રમોશનલ ઑફર્સની માહિતી પૂરી પાડે છે જે તેના કાર્ડસભ્યને નોંધપાત્ર લાભો ઉપલબ્ધ કરાવે છે અને આમ કરવા માટે ત્રાહિત પક્ષકાર સંસ્થાઓની સેવાઓનો ઉપયોગ કરી શકે છે. જો કાર્ડસભ્ય આવી સેવાઓ માટે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક તરફથી કોઇ ડાયરેક્ટ માર્કેટિંગ, એસએમએસ, ઇમેલ અથવા ટેલિફોન કોલ મેળવવા ઇચ્છતો ન હોય તો તે 24 કલાક હેલ્પલાઇન પર કોલ કરી શકે છે અને બેન્કને જાણ કરી શકે છે. વૈકલ્પિક રીતે, કાર્ડસભ્ય બેન્કની વેબસાઇટ પર લોગ ઓન કરી શકે છે અને 'ડૂ નોટ ડિસ્ટર્બ' સેવા માટે રજિસ્ટર કરાવી શકે છે. કાર્ડસભ્ય ક્રેડિટ કાર્ડની મુખ્ય સેવાઓ સંબંધિત માહિતી મેળવવાનું ચાલુ રાખશે.

vii. પસંદ કરેલા ક્રેડિટ કાર્ડ પ્રકાર કાર્ડ ઉપર પૂરક વીમા કવચ ધરાવી શકે છે. પોલિસી કવચ ક્રેડિટ કાર્ડ સેટઅપની તારીખથી શરૂ થાય છે. વધુ માહિતી અને શરતો તથા નિયમો માટે કૃપા કરીને આઇડીએફસી ફર્સ્ટ બેન્ક વેબસાઇટ ધ્યાન ઉપર લો.

## 16. ફેમા (વિદેશી વિનિમય પ્રબંધન અધિનિયમ) સહિત અન્ય મહત્ત્વપૂર્ણ માહિતી

i. ક્રેડિટ કાર્ડ ભારતની સાથે સાથે વિદેશમાં ઉપયોગ માટે માન્ય છે. જોકે તે નેપાળ અને ભૂતાનમાં વિદેશી ચલણમાં ચૂકવણી માટે માન્ય નથી.

ii. આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડનો ઉપયોગ લોટરી ટિકિટ, પ્રતિબંધિત અથવા નિષેધ મેગેઝિન જેવી ચીજ-વસ્તુઓની ખરીદી, સ્વીપસ્ટેક્સમાં પ્રતિભાગીતા, કોલ બેક સેવાઓ માટે ચૂકવણી, અને / અથવા તેવી ચીજ-વસ્તુઓ/ પ્રવૃતિઓ જેના માટે વિદેશી વિનિમયમાં ઉપાડની પરવાનગી નથી તેવી પ્રવૃતિઓ માટે કરી શકાશે નહીં.

iii. ભારત બહાર વ્યવહાર હાથ ધરવા માટે કાર્ડનો ઉપયોગ આરબીઆઇના વિનિયમ નિયંત્રણ નિયમનો અને વિદેશી વિનિમય પ્રબંધન અધિનિયમ, 1999 સહિત લાગુ પડતાં કાયદા સાથે ફરજિયાતપણે સુસંગત રીતે થવો જોઇએ, અને આમ કરવામાં નિષ્ફળતાના પ્રસંગે કાર્ડસભ્ય ફોજદારી કાર્યવાહી માટે જવાબદાર બની શકે છે.

iv. ઇન્ટરનેટ ટ્રેડિંગ પોર્ટલ મારફતે વિદેશી વિનિમય વેપાર માન્ય નથી. ઉલ્લંઘન અથવા પાલનની નિષ્ફળતાના પ્રસંગે, કાર્ડ સભ્ય ફોજદારી કાર્યવાહી અને/અથવા કાર્ડ બંધ કરવાની કાર્યવાહી માટે જવાબદાર બની શકે છે.

v. માત્ર એનઆરઆઇ ગ્રાહકો માટે આઇડીએફસી ફર્સ્ટ બેન્ક એનઆરઇ / એનઆરઓ ખાતામાંથી ફરજિયાતપણે ઓટોપે મોડ મારફતે 100% ચૂકવણી કરવી જરૂરી છે. એનઆરઆઇ ગ્રાહકો માટે રોકડ ચૂકવણી સ્વીકાર્ય બનશે નહીં.

vi. પક્ષકારો સંમત થાય છે કે અત્રે આપેલા નિયમો અને શરતોમાંથી અને/અથવા કાર્ડના ઉપયોગમાંથી ઉદભવેલા કોઇપણ બાબતોના સંબંધમાં કોઇ વિવાદ ભારતમાં મુંબઇમાં આવેલી સંપૂર્ણ ન્યાયિક હકૂમત ધરાવતી અદાલતોને સોંપવામાં આવશે અને ભારતના કાયદાઓ અનુસાર તે સંચાલિત થશે અને તે મુજબ તેનું અર્થઘટન હાથ ધરવામાં આવશે. કાર્ડસભ્ય વધુમાં સ્વીકારે છે કે બેન્ક એકમાત્ર પોતાની વિવેકબુદ્ધી પર, લવાદ અને સમાધાન અધિનિયમ, 1996માં થયેલા સુધારાઓ અથવા તેના પુનઃઅમલની જોગવાઇઓ સાથે સુસંગત હોય તે રીતે બેન્ક દ્વારા નિયુક્ત કરવામાં આવેલા એકમાત્ર લવાદને વિવાદની સોંપણી કરવાનું પસંદ કરી શકે છે. લવાદી કાર્યવાહી અંગ્રેજી ભાષામાં હાથ ધરવામાં આવશે. લવાદ દ્વારા પસાર કરવામાં આવેલો ફેંસલો અંતિમ અને પક્ષકારોને બંધનકર્તા રહેશે. લવાદી કાર્યવાહી દિલ્હી/ મુંબઇ / ચેન્નાઇ / કોલકાતા અને/અથવા બેન્કની એકમાત્ર વિવેકબુદ્ધી પર નિર્દિષ્ટ કરવામાં આવ્યાં હોય તેવા કોઇ અન્ય સ્થળે હાથ ધરવામાં આવશે. અથવા લવાદી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સ મારફતે પણ હાથ ધરાઇ શકે છે. ન્યાયપંચ દ્વારા આદેશ કરવામાં આવેલી કોઇપણ સુનાવણીમાં હાજરી આપવા માટે નીચેની બાબતો લાગુ પડશેઃ

ક) આવી કોઇ સુનાવણી ન્યાયપંચના આદેશ પર વીડિયો કોન્ફરન્સ મારફતે હાથ ધરવામાં આવશે.

ખ) પક્ષકારો સંમત થાય છે કે વીડિયો કોન્ફરન્સ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હોવાના આધાર પર આવી કોઇ સુનાવણીના અંતે ન્યાયપંચના નિર્ણય, આદેશ અથવા ફેસલા સામે કોઇ વાંધો ઉઠાવવામાં આવશે નહીં.

vii. કાર્ડસભ્ય સંમત થાય છે કે કોઇ ક્રેડિટ સુવિધા સામે બેન્કને કોઇપણ રકમ ચૂકવવાની બાકી છે તેવું કોઇપણ સમયે જાણકારીમાં આવે તો ત્યારે બેન્ક કોઇ પૂર્વ નોટિસ આપ્યાં વગર કોઇપણ/તમામ આવી સુવિધાઓની સામે નો ઓબ્ઝેક્શન સર્ટિફિકેટ (એનઓસી) જાળવી રાખવાનો સંપૂર્ણ અધિકાર ધરાવશે.

viii. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક, તેના કર્મચારીઓ, એજન્ટ અથવા કોન્ટ્રાક્ટર આવક, નફા, વ્યવસાય, કરારો, અપેક્ષિત બચતો અથવા શાખને નુકસાન, સોફ્ટવેર સહિત કોઇ ઉપકરણના ઉપયોગ અથવા મુલ્યને નુકસાન સહિત પરંતુ તેટલા પૂરતાં મર્યાદિત ન હોય તેવા પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામસ્વરૂપ કોઇ હાની અને નુકસાન માટે અને તેના સંદર્ભમાં જવાબદાર બનશે નહીં, ભલે તેનું અનુમાન કરી શકાય તેમ હોય કે ન હોય, જેને વપરાશકર્તા અથવા કોઇ વ્યક્તિ દ્વારા ભોગવવામાં આવતું હોય અને તેને કોઇપણ પ્રકારે વિનંતીથી પ્રાપ્ત કરવામાં અને તેની પ્રક્રિયા કરવામાં બેન્કના કોઇ વિલંબ, વિક્ષેપ, સ્થગિતતા, રિઝોલ્યુશન અથવા ખામી ઉદભવી હોય અથવા તેની સાથે સંબંધિત હોય અથવા વપરાશકર્તા અને કોઇ સેવા પ્રદાતાના નેટવર્ક અને બેન્કની સિસ્ટમના માહિતીસંચાર ઉપકરણ તરફ મોકલાતી અને તેમાંથી પ્રાપ્ત થતી કોઇ માહિતી અથવા સંદેશાના પ્રસારણમાં કોઇ નિષ્ફળતા, વિલંબ, વિક્ષેપ, સ્થગિતતા, નિયંત્રણ અથવા ખામી અથવા વપરાશકર્તા, બેન્કની સિસ્ટમ અથવા કોઇ સેવા પ્રદાતાના નેટવર્ક અને/અથવા કોઇ ત્રાહિત પક્ષકાર જે આવી સેવાઓ પૂરી પાડતો હોય તે સુવિધા પૂરી પાડવા આવશ્યક હોય તેના માહિતીસંચાર ઉપકરણો ઠપ્પ થવા, વિક્ષેપ, સ્થગિતતા અને નિષ્ફળતામાંથી ઉદભવેલા હોય.

ix. આઇડીએફસી ફર્સ્ટ બેન્ક બેન્કિંગ કોડ્સ 6ની સભ્ય છે. સ્ટાન્ડર્ડ્સ બોર્ડ ઓફ ઈન્ડિયા (બીસીએસબીઆઈ). બીસીએસબીઆઇ કોડની વિગતો અમારી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.